# ઈમ્તેહાન અને પરિણામ હઝરત ઈસ્માઈલ(અ.સ.)-ઈમામ હુસૈન(અ.સ.)-ઈમામ મહદી(અ.સ.)

ઈમ્તેહાનગાહે નબુવ્વતમાં જે કુરબાનીની શરૂઆતનો શરફ હઝરત ઈસ્માઈલ(અ.સ.)ના હિસ્સામાં આવ્યો તેનો અંત આશુરે હુસૈની છે. નબીનું સ્વપ્ન ઇતાઅતે ખુદાવંદીની તાબીર માંગી રહ્યુ હતુ. નબીની ઔલાદ ગમે તેમ, દરેક રીતે, દરેક પ્રકારે નબુવ્વતના ગુણોને જાણતા હોય છે. તેથી ઝબ્હ થઇ જવામાં ન હિચકિચાહટ, ન ડર, ન કોઇ સોચ, ન કોઇ માનસિક પરેશાની, પરંતુ પોતાના વાલિદ જે નબીયે ખુદા હતા તેમના જોયેલ સ્વપ્નને અગ્રતા આપતા એટલે કે હુકમે ઇલાહી ઉપર અમલ માટે પોતાના પૂરા તન અને મનની તાકત સાથે તૈયારી અને રઝામંદી જાહેર કરી. અહીં ફિતરતે ઇન્સાનીનો તકાઝો આ વિચારને ઢંઢોળે છે કે અગર કુરબાની માટે ઘેટું ન આવતે અને હઝરત ઇસ્માઇલ(અ.સ.) રાહે ખુદામાં કુરબાન થઇ ગયા હોતે તો શું થતે? નિઝામે કાએનાતે દુનિયાનો શું હાલ થતે? નબુવ્વતના સિલસિલામાં દુનિયાના લોકોની ફિક્રનો અંદાઝ ક્યાં પહોંચ્યો હોતે? આ વાત જરા જનાબે ઇસ્માઇલ(અ.સ.)ના માતાથી પુછો. દિકરાના ગળામાં તેનું નિશાન જોઇને પોતાનાથી જ સવાલ શા માટે પુછી રહ્યા હતા કે મારો પુત્ર ઇસ્માઇલ ઝબ્હ થઇ જતે તો શું થતે? આ જ સદમામાં જનાબે ઇસ્માઇલ(અ.સ.)ની માતા જનાબે હાજરા(સ.અ.) બિમાર પડી ગયા અને વધારે સમય જીવતા ન રહ્યા, વફાત પામ્યા. કોઇને શું ખબર કે જનાબે હાજરા(સ.અ.)ના દિલનું દર્દ કેવી રીતે ઉમટી રહ્યુ હતુ?

સમયને પસાર થવાનું હતુ, તેને કોણ રોકી શકે તેમ હતુ? સમય પસાર થતો રહ્યો.એક 'સંસ્કૃતિ' આવી સમયની સાથે પસાર થઇ ગઇ અને નવી 'સંસ્કૃતિ'એ જન્મ લીધો. ફરી પૂરાતન સંસ્કૃતિ પર છવાઇ અને તેની જગ્યા બીજી તહઝીબે લઇ લીધી. આમ વર્તમાન સમય ભુતકાળની પાછળ છુપાઇ ગયો અને નવા નવા ઝમાનાની સવારનો ઉદય થયો. આવી રીતે ઝમાનાના દૌર પસાર થતા રહ્યા, પરંતુ કાબા કે જે મક્કએ મુકર્રમામાં ઇન્સાનિયતનું દિલ બનીને ધડકી રહ્યુ હતુ તે હઝરતે ઇસ્માઇલ(અ.સ.)ની દાસ્તાન દોહરાવી રહ્યુ હતુ અને સવાલ પોતાની જગ્યાએ ઉભો હતો કે અગર હઝરતે ઇસ્માઇલ(અ.સ) ઝબ્હ થઇ જતે તો શું થતે? ન હજની રસમો હોતે ન કુરબાનીઓ, ન તવાફે કાબા હોતે ન સફા અને મરવાની સઇ, ન મીનાનો કયામ હોતે ન મુઝ્દલફામાં એક રાત કાંકરીઓ ભેગી કરવામાં પસાર કરવામાં આવત, ન અરફાતમાં હઝરતે ઇસ્માઇલ(અ.સ.)ની યાદમાં હાજીઓના કાફલા રોકાતે ન દુઆઓની અવાજોથી મયદાને અરફાત ગુંજતે, ન તો આ સરઝમીનથી વિદાય થતી વેળાએ દિલમાં જુદાઇનું દર્દ ઉઠતે ન ઇમામ હુસૈન(અ.સ.)ની 'દુઆએ અરફા' જેવી અઝીમ નેઅમત આપણને નસીબ થતે. અહીં આ લેખના વાંચકોના ધ્યાનને તે ઇલાહી નિઝામ તરફ દોરવુ મકસૂદ છે કે અલ્લાહ તઆલાના દરેક કાર્યમાં એક બહુ મહાન અને અઝીમ રાઝનો મકસદ છુપાયેલો રહે છે. જનાબે ઇબ્રાહીમ(અ.સ.)નું સ્વપ્ન અલ્લાહનો હુક્મ હતો. હુક્મ ઉપર અમલ કરવો તે નબુવ્વતની ફરજ હતી. ઘેંટાનું ઝબ્હ થવુ તે ઇસ્માઇલ(અ.સ.)ની નસ્લના બાકી રહેવાની ખુશ-ખબરી હતી. હજના હુકમો તેની હર સાલ યાદ અપાવવા માટેની તાકીદ હતી અને 'ઝિબ્હે અઝીમ' (મહાન કુરબાની)નું વાક્ય કરબલાની દાસ્તાનની કિતાબે મઅરેફત(ઓળખાણ)ની શરૂઆત (પ્રસ્તાવના) હતી. તેની છણાંવટમાં પોતાના અદ્લ અને ઇન્સાફના કાયમ થવાની કુર્આની આયતોનો ચિરાગ પ્રજ્વલિત કરી દીધા. ક્યારેક કહ્યુઃ જ્યારે ઝમીન મુર્દા થઇ જશે તો અલ્લાહ તેને નવી હયાત અતા કરશે, ક્યારેક કહ્યુઃ ખુદાના નુરને ઝુલ્મની ફુંકોથી બુજાવી શકાતુ નથી. ક્યારેક ફરમાવ્યુઃ ખુદાનો દીન છવાઇને રહેશે. કદી આયતે વધીને ગફલતમાં પડેલાઓને સાવચેત કર્યાઃ અમો તેઓને ઇમામ અને ઝમીનના વારિસ બનાવીશુ, જેઓને ઝમીન પર કમઝોર કરી

અનુસંધાન પાના નં. ૩૦ ઉપર ...

# હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) અને હઝરત ઈમામ મહદી આખેરૂઝ્ઝમાન(અ.સ.)

ખુદાવંદે આલમે એહલેબૈત(અ.મુ.સ.)ને ''એક નૂર'' થી પૈદા કર્યા છે. આના લીધે એહલેબૈત(અ.મુ.સ.)ની દરેક વ્યક્તિ સિફતો અને ખુબીઓમાં એક-બીજાથી મળતી આવે છે. બધા જ અલ્લાહના ચૂંટાયેલા માસુમ અને રેહનુમા છે. હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) અને હઝરત ઈમામ મહદી(અ.સ.)માં ખાસ સમાનતા જોવા મળે છે. લેખની મર્યાદાને ધ્યાનમાં રાખીને નીચે અમૂક સરખામણીઓનો ઉલ્લેખ કરીએ છીએ. હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની નજરમાં હઝરત ઈમામ મહદી(અ.સ.)ની અઝમત અને મહત્વના માટે શું એ ઓછું છે કે જનાબે ઝહરા(સ.અ.)ને હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝિક્રથી સુકુન મળે છે. મુસીબતો અને તકલીફોના ઘેરાવમાં આ ઝિક્રથી આરામ મળે છે.

*''ખુદાવંદે આલમે જ્યારે જીબ્રઈલ(અ.સ.) થકી હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ને ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદતથી માહિતગાર કર્યા અને આં હઝરત(સ.અ.વ.)એ આ ખબર જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને સંભળાવી તો આપ(સ.અ.) ને ખુબ જ દુઃખ થયુ અને જ્યારે જીબ્રઈલ (અ.સ.)એ આ પૈગામ આપ્યા કે અલ્લાહે ઈમામત તેમના વંશમાં રાખી છે અને તેમના વંશમાંથી મહદી થશે જેમની પાછળ હઝરત ઈસા(અ.સ.) નમાઝ પઢશે. તે સમયે જનાબે ફાતેમા ઝહરા(અ.સ.)ને સુકુન મળ્યું.''*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૪૩, પાનાઃ૨૪૮, હદીસઃ૨૪)

## હઝરત ઈમામ મહદી(અ.સ.) જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના ફરઝંદઃ

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું:

*''મહદી મારી ઈતરતમાંથી છે અને જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની નસ્લમાંથી છે.''*

(સોનને અબી દાઉદ, ભાગઃ૪, પાનાઃ૧૦૭, હદીસઃ૪૨૮૪)

આ હદીસ ઈમામ મહદી(અ.સ.)ને જનાબે ઝહરા (સ.અ.)ની નસ્લમાંથી જે રીતે બયાન કરી રહી છે તે જ રીતે આ હદીસ પૈગમ્બરે અકરમ(સ.અ.વ.)ની રિસાલતની સચ્ચાઈની પણ દલીલ છે. રસુલે અકરમ(સ.અ.વ.)ની ખુશખબરી બાદ આશરે ૨૫૦ વર્ષ પછી ઈમામ મહદી(અ.સ.)ની વિલાદત થઈ. દુનિયા એક ઔલાદ પછી બીજી ઔલાદની ગેરેન્ટી નથી આપતી તો પછી નવમી અને દસમી પેઢીની ગેરેન્ટીની તો વાત જ ક્યા? આ રીતે આ રિવાયતો ઈમામતના સિલસિલાને ઈલાહી અને આસમાની હોવાની ગવાહી આપી રહી છે.

એક અન્ય હદીસમાં રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું:

*''અય ફાતેમા(સ.અ.) તમને ખુશ ખબરી થાય કે બેશક મહદી તમારી નસ્લમાંથી છે.''*

## જનાબે ઝહરા(સ.અ.) અને ઈમામ મહદી (અ.સ.)નો ઝિક્રઃ

મહમુદ બીન રસીદનું બયાન છે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઈન્તેકાલ બાદ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) શહીદોની અને જનાબે હમ્ઝાની કબ્ર પર જતા હતા અને ગીર્યા કરતા હતા. તેમની ખિદમતમાં અર્ઝ કરી અય ઔરતોની સરદાર! આપના ગીર્યાએ મારા દિલના ટુકડે ટુકડા કરી દીધા છે.

ફરમાવ્યું અય અબુ અમ્ર મારૂ રોવું એકદમ યોગ્ય છે હું બેહતરીન પિતાની મુસીબતમાં ગિરફતાર છું. રસુલે ખુદા(સ.અ.વ.)ની મુલાકાતનો કેટલો શૌક છે. અર્ઝ કરી શું રસુલે ખુદા(સ.અ.વ.)એ પોતાની વફાત અગાઉ અલી(અ.સ.)ની ઈમામત પર નિયુક્તી કરી હતી?

ફરમાવ્યુંઃ આશ્ચર્યની વાત છે કે તમે લોકો ગદીરને ભુલી ગયા.

અર્ઝ કરીઃ ગદીર યાદ છે, પરંતુ એ વાત સાંભળવા ચાહુ છું જે રસુલે ખુદા(સ.અ.વ.)એ આપને બયાન કરી હતી.

ફરમાવ્યુંઃ ખુદાને સાક્ષી રાખીને કહુ છું કે મેં રસુલે ખુદા(સ.અ.વ.)થી સાંભળ્યુંઃ અલી(અ.સ.) સૌથી બેહતરીન છે. તેમને હું તમારી દરમીયાન મારા જાનશીન બનાવી રહ્યો છું. તેઓ ઇમામ છે અને મારા પછી મારા જાનશીન છે. મારા બન્ને નવાસા હસન અને હુસૈનની નસ્લમાંથી નવ ઇમામ. અગર તમે તેમની પૈરવી કરશો તો તમે તેમને હિદાયત કરવાવાળા અને હિદાયત પામેલા પામશો અને અગર તમે તેમની મુખાલેફત કરી તો કયામત સુધી તમારી દરમીયાન મતભેદો રહેશે.

અર્ઝ કરીઃ શહેઝાદી આપ શા માટે ખામોશ થઇ ગયા?

ફરમાવ્યુંઃ અય અબુ અમ્ર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

*ઇમામનું ઉદાહરણ કાબાની જેમ છે. કાબાની પાસે જવામાં આવે છે. કાબા પોતે નથી આવતો.*

પછી ફરમાવ્યુંઃ

*ખુદાની કસમ અગર હકને હકદારની પાસે રહેવા દેવામાં આવતે તો બે આદમી પણ આપસમાં ઇખ્તેલાફ ન કરતે અને આ ખીલાફત એક પછી બીજાને મળતે ત્યાં સુધી કે હુસૈન(અ.સ.)ની નસ્લમાંથી નવમાં ફરઝંદ અમારા કાએમ(અ.સ.)નો ઝુહુર થાય.*

(બેહારૂલઅન્વાર, ભાગઃ૩૬, પાનાઃ૩૫૩, હદીસઃ૨૨૪)

જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) એ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ના પછી જે મુસીબતોનો સામનો કર્યો તેમાં ઇમામ મહદી(અ.સ.)નો ઉલ્લેખ દિલના સુકુનનું કારણ છે. આ ઉપરાંત હદીસે લવ્હ જે લવ્હે ફાતેમાના નામથી મશહુર છે. જેમાં ખુદાવંદે આલમે ઇમામ હુસૈન(અ.સ.)ની વિલાદતના મૌકા પર તોહફા તરીકે નાઝીલ કરી હતી અને રસુલે ખુદા(સ.અ.વ.)એ જનાબે ઝહરા(સ.અ.)ને તે તખ્તી હદીયો કરી હતી. તેમાં બાર ઇમામોના નામ સાથે ઉલ્લેખ છે. તેમાં ઇમામ મહદી(અ.સ.)નો ઝિક્ર છે.

## હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઝિક્ર જનાબે ઝહરા(સ.અ.)ના દિલની શાંતિઃ

અલી ઇબ્ને બીલાલએ પોતાના પિતાથી રિવાયત વર્ણવી છેઃ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની ઝિંદગીની આખરી પળોમાં તેમની ખીદમતમાં હાજર હતો. હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) એમના માથા પાસે હતા. તેઓ એટલુ બધુ રડ્યા કે ગીર્યાનો અવાજ બુલંદ થયો. હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ માથુ ઉંચુ કરીને જોયું અને ફરમાવ્યુંઃ

''મારી વહાલી ફાતેમા તું શા માટે રોવે છે? અર્ઝ કરીઃ આપના પછી શું થશે? કેવી રીતે અમારા હક્કો બરબાદ કરવામાં આવશે? ફરમાવ્યુંઃ

*મારા દિલના ટુકડા શું તમને ખબર નથી, ખુદાએ ઝમીન પર નજર કરી તે સમયે તમારા વાલીદને ચુંટી લીધા અને તેમને રસુલ બનાવ્યા પછી ખુદાએ બીજીવાર નજર કરી તો તમારા શોહરને ચુંટી લીધા અને મારા પર વહી કરી કે હું તમારી શાદી તેમની સાથે કરાવું.*

*અય ફાતેમા! ખુદાએ આપણને એહલેબૈત (અ.મુ.સ.)ને સાત એવી ખાસિયતો આપી છે જે ન તો આપણી પહેલા કોઇને આપી છે અને ન તો આપણી પછી કોઇને આપશે.''*

*(૧) હું નબીઓમાં અંતિમ છું અને ખુદાની નજદીક તમામ અંબિયાથી અફઝલ છું. તમામ મખ્લુકાત તમારા વાલીદના કારણે પૈદા કરવામાં આવી છે અને તમારા વાલીદ ખુદાની નજદીક સૌથી વધુ મહેબુબ છે.*

*(૨) મારા વસી તમામ અવસીયામાં અફઝલ અને સૌથી વધુ માનનીય છે અને મારી અને ખુદાની નજદીક સૌથી વધારે મહેબુબ છે અને તે તમારા શવહર છે.*

*(૩) અમારા શહીદ તમામ શોહદામાં બેહતર અને ખુદાની નજદીક તમામ શોહદાથી વધારે મહેબુબ તે જનાબે હમ્ઝા બીન અબ્દુલ મુત્તલીબ જે તમારા વાલીદ અને તમારા શવહરના કાકા છે.*

*(૪) મારા કાકાના દિકરા ભાઇ એ છે જેમને બે*

*પાંખો છે જેના થકી તે જન્નતમાં ફરીશતાઓની સાથે ઉડે છે. તે તમારા વાલીદના કાકાના દિકરા અને તમારા શવહરના ભાઈ છે.*

*(૫ અને ૬) આ ઉમ્મતના બન્ને સિબ્ત તે તમારા બન્ને ફરઝંદો હસન(અ.સ.) અને હુસૈન(અ.સ.) અને બન્ને જન્નતના જવાનોના સરદાર છે અને અલ્લાહની કસમ જેણે મને નબી બનાવ્યો, તેમના વાલેદૈન તેમનાથી બહેતર છે.*

*(૭) અય ફાતેમા(સ.અ.) એ જાતની કસમ કે જેણે મને હકની સાથે નબી બનાવ્યો, તે બન્નેની નસ્લથી આ ઉમ્મતના મહદી છે. જે સમયે દુનિયામાં ચારે બાજુ ઉથલ પાથલ ફેલાએલી હશે, ફિત્ના જાહેર થતા રહેશે, રસ્તાઓ તુટતા હશે, એક-બીજાની વિરૂધ્ધ બગાવત કરી રહ્યા હશે, મોટાઓ નાના પર રહેમ નહી કરશે, નાનાઓ મોટાઓનો એહતેરામ નહી કરશે, એ સમયે ખુદાવંદે આલમ તે બન્નેની નસ્લમાંથી તેમને જાહેર કરશે, જે ગુમરાહીના કીલ્લાઓને ફતેહ કરશે, બંધ દિલોને જીતશે.*

(કશફુલ ગુમ્મા, ભાગઃ૩, પાનાઃ૨૬૭ બેહારૂલ અન્વાર, ભાગઃ૫૧, પાનાઃ૭૯)

આ રિવાયત પર વિચાર કરીએ જે સમયે રસુલે ખુદા(સ.અ.વ.)નો આખરી સમય હતો અને બનવાવાળા બનાવોને યાદ કરીને જનાબે ઝહરા(સ.અ.) ઉચા અવાજે રડવા લાગ્યા હતા. તે સમયે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ઈમામ મહદી(અ.સ.)નો ઝિક્ર કરી દિલના સુકુનનો સબબ રજુ કર્યો. તે પણ કોના માટે જે ખાતુને જન્નત અને દુનિયાઓની તમામ ઔરતોની સરદાર છે. એનાથી એ અંદાજો આવે છે કે આ ઝિક્ર કેટલો મહત્વનો છે.

## હઝરત ઝહરા(સ.અ.) નમુનએ અમલઃ

ઈમામ મહદી(અ.સ.) માસુમ છે. તેઓ પોતાના માટે કોઈ હસ્તીને નમુનએ અમલ અને આદર્શ ગણાવે તેનાથી તે હસ્તીની અઝમત અને કુરબતનો એહસાસ થાય છે. ઈમામ મહદી(અ.સ.) ફરમાવે છેઃ

*"હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની દુખ્તરની ઝીંદગી મારા માટે નમુનએ અમલ છે"*

(અલ-ગયબત, શૈખ તુસી, પાનાઃ૧૭૩)

ઈમામે ઝમાના(અ.સ.)એ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને નમુનએ અમલ ગણાવ્યા છે અને આપ(સ.અ.) રસુલે ખુદા(સ.અ.વ.)નો સંપૂર્ણ અરીસો હતા.

આએશાની રિવાયત છેઃ મેં ફાતેમા(સ.અ.)થી વધારે કોઈને નથી જોયા કે જે શકલો સૂરતમાં, ચાલવામાં, વાત કરવામાં, ઉઠવામાં, બેસવામાં રસુલે ખુદા(સ.અ.વ.)થી મળતા હોય.

(ફાતેમતો બઝ્અતો કલ્બે મુસ્તફા)

એક રિવાયતમાં હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ને સંબોધીને ફરમાવે છેઃ

*"યકીનન ખુદા તમારા ગઝબથી ગઝબનાક થાય છે અને તમારી ખુશ્નુદીથી ખુશ થાય છે. જેણે તમને તકલીફ પોહચાડી તેણે મને તકલીફ પહોંચાડી, જેણે તમને નારાઝ કર્યા તેણે મને નારાઝ કર્યો અને જે બાબતથી તમને અઝીય્યત પહોંચે છે, તેનાથી મને અઝીય્યત થાય છે"*

(ગયબતે તુસી, પાનાઃ૧૭૩)

આ રીતે હઝરત ઝહરા(સ.અ.)ને નમુનએ અમલ ગણાવવા એટલે ખુદા અને રસુલે ખુદા(સ.અ.વ.)ની રેઝા અને ખુશનુદીને નમુનએ અમલ ગણાવવા બરાબર છે. હઝરત ઝહરા(સ.અ.)ની ખુશીને પરવરદિગારની ખુશીનો અરિસો ગણાવવો એ ચારિત્ર્યની મહાનતા અને ઈસ્મતે ઉઝમાની દલીલ છે.

## સુરે કદ્ર હઝરત ઝહરા(સ.અ.) અને ઈમામ મહદી(અ.સ.):

હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.) સુરે કદ્રની તફસીર આ પ્રમાણે બયાન ફરમાવે છેઃ

*લયલતુલ્ કદ્ર. લયલથી મુરાદ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) અને કદ્રથી મુરાદ અલ્લાહ. જેને*

*હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની હકીકી માઅરેફત હાસિલ થશે તેને શબે કદ્ર મળી ગઈ. જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને ફાતેમા એટલા માટે કહેવામાં આવે છે કે મખ્લુકાત તેમની માઅરેફત હાંસિલ નથી કરી શકતી*

(બેહાર, ભાગ:૪૩, પાના:૬૩, હદીસ:૫૮)

એક અન્ય હદીસમાં ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છે:

*''લય્લતુલ્ કદ્રે ખય્રૂન મિન અલ્ફે શહર'' થી મુરાદ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) છે. ''તનઝ્ઝલુલ્ મલાએકતો વર્રૂહો ફીહા'' માં મલાએકાથી મુરાદ એ મોઅમીનો છે જે આલે મોહમ્મદ(અ.મુ.સ.)નું ઈલ્મ રાખે છે. વર્રૂહોથી મુરાદ રૂહુલ્ કુદુસ છે એટલે કે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) ''મિન કુલ્લે અમ્રીન''થી મુરાદ દરેક એ બાબત છે સલામતી કરાર પામે છે. ''હત્તા મત્લઈલ્ ફજ્ર'' ત્યાં સુધી કે કાએમ(અ.સ.)નો ઝુહુર થાય*

(તફસીરે બુરહાન, ભાગ:૪, પાના:૪૮૭૮, હદીસ:૨૪)

સુરે કદ્રની શરૂઆત હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) અને અંત હઝરત ઈમામ મહદી(અ.સ.) છે. શબે કદ્ર જેમાં તમામ બાબતો નક્કી થાય છે, હઝરત ઝહરા(સ.અ.)થી શરૂ થાય છે અને ઈમામ મહદી(અ.સ.) પર તમામ થાય છે.

## જનાબે ઝહરા(સ.અ.) અને શબે કદ્ર:

(૧) જેવી રીતે લોકો શબે કદ્રની અઝમત અને મંઝેલતથી અજાણ છે, હઝરત ઝહરા(સ.અ.)ની માઅરેફત અને અઝમતથી પણ અજાણ છે.

(૨) જેવી રીતે શબે કદ્ર ત્રણ રાતો માંથી એક રાત છે તેવી રીતે હઝરત ઝહરા(સ.અ.)ની કબ્રે મુતહ્હર ત્રણ જગ્યા (બકીઅ, કબ્રે રસુલે ખુદા(સ.અ.વ.) અને મીમ્બરે રસુલે ખુદા(સ.અ.વ.)ની વચ્ચે અથવા ઘરમાં) માંથી કોઈ એક જગ્યાએ છે.

(૩) શબે કદ્રમાં તમામ બાબતો બયાન થાય છે. દરેક હકીમ બાબત સ્પષ્ટતાની સાથે બયાન થાય છે. એવી જ રીતે હઝરત ઝહરા(સ.અ.)ની શખ્સીય્યત હક અને બાતીલની દરમીયાન ઓળખનું માપદંડ છે. મુસ્લીમ અને કાફીર, મોઅમીન અને મુનાફીકની દરમીયાન તફાવત કરવાનું કારણ છે.

(૪) શબે કદ્ર જેવી રીતે કુરઆનના નાઝિલ થવાનું ઝર્ફ છે એટલે કે આ શબમાં કુરઆને સામીત નાઝિલ થયુ છે, એવી જ રીતે જનાબે ઝહરા(સ.અ.) નાતીક કુરઆન એટલે કે ઈમામતના નાઝિલ થવાનું ઝર્ફ છે.

(૫) શબે કદ્ર અંબિયા અને અવલીયા(અ.મુ.સ.)ની મેઅરાજ છે. હઝરતે ઝહરા(સ.અ.)ની વિલાયતનો ઈકરાર નબુવ્વત અને રિસાલતના મન્સબ હાસિલ થવાનું કારણ છે. કોઈ પણ નબીની નબુવ્વત એ સમય સુધી સંપૂર્ણ નથી થઈ જ્યાં સુધી જનાબે ઝહરા(સ.અ.)ની ફઝીલત અને મોહબ્બતનો ઈકરાર ન કર્યો હોય.

(૬) શબે કદ્ર તમામ ફૈઝ અને કમાલાતનો સ્ત્રોત છે. તમામ સંપૂર્ણતાઓ અને તમામ ફૈઝો બરકત આ રાતમાં નાઝિલ થાય છે. જેના નાઝિલ થવાનો ઝરીઓ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) છે. જેમના તવસ્સુલથી આ તમામ ફૈઝ અને બરકત આ કાએનાતની જમીનને હાસિલ થાય છે અને દરેક પ્રકારની બલા અને આફત આપના થકી દૂર થાય છે.

(૭) શબે કદ્ર હજાર મહીનાથી બેહતર છે. જનાબે ઝહરા(સ.અ.) અવ્વલ અને આખિર તમામ ઔરતોની સરદાર છે. એટલે કે સૌથી બેહતર અને શ્રેષ્ઠ છે.

(૮) શબે કદ્ર અને ઈમામે ઝમાના(અ.સ.)માં પણ ઘણો ઉંડો સંબંધ છે. શબે કદ્ર એ ઈમામ ઝમાના(અ.સ.)ના વુજુદની અને તેમની ઝીંદગીની દલીલ છે. સુરએ મુબારકે ઈન્ના અન્ઝલ્ના અને સુરએ મુબારકે હા મીમ દોખાનમાં કુલ્લો અમરીનનો ઉલ્લેખ છે. એટલે કે આ મુબારક રાતમાં આખા વર્ષની તમામ બાબતો ખુદાવંદે આલમના તરફથી ફરિશ્તાઓ દ્વારા નાઝિલ થાય છે. જ્યારે મલાએકા અમ્રે ઈલાહી લઈને નાઝિલ થાય છે તો ચોક્કસ એ વલીએ અમ્ર અને સાહેબે અમ્રનુ હોવું જરૂરી છે. જે આ બાબતોને મેળવે અને લોકો સુધી પહોંચાડે. જનાબે ઝહરા(સ.અ.)ની માઅરેફત અને મોહબ્બત એ શબે કદ્રની ઓળખનો સબબ છે અને હઝરત ઈમામ મહદી (અ.સ.)ના પુરનૂર વુજુદનું યકીન અને અમ્રે ઈલાહીના

નાઝિલ થવાનુ સબબ છે.

## હવે જરા આ રિવાયતો પર ધ્યાન આપોઃ

એક ઇસાઇ હઝરત મુસા કાઝીમ(અ.સ.)ની ખીદમતે અકદસમાં હાજર થયો અને અમુક સવાલ પુછ્યા. તેમાંથી એક સવાલ સુરએ મુબારકે હા મીમ દોખાનની શરૂઆતની આયતોના વિશે હતો.

''આપ મને ખુદાની આ કિતાબના વિશે બતાવો જે હઝરત મોહમ્મદ(સ.અ.વ.) પર નાઝિલ થઇ છે, જેમાં ખુદાએ ગુફતગુ કરી છે તેની સિફતો અને શ્રેષ્ઠતાઓ બયાન કરી છે, તે આ છે.

*હા મીમ વલ્ કિતાબીલ્ મોબીન ઈન્ના અન્ઝલ્નાહો ફી લયલતીન મોબારકતીન ઈન્ના કુન્ના મુન્ઝેલીન ફી હા યુફરકો કુલ્લો અમ્રીન હકીમ*

*''હા મીમ. સ્પષ્ટ કિતાબની કસમ. બેશક અમે તેને એક મુબારક રાતમાં નાઝિલ કરી અને બેશક અમે આખેરતના અઝાબથી ડરાવવાવાળા છીએ. આ મુબારક રાતમાં દરેક હકીમ બાબત અલગ થાય છે.''*

(સુરએ દોખાન, આયતઃ ૧થી૪)

ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુઃ

*'હા મીમ' થી મુરાદ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) છે. જનાબે હુદ(અ.સ.)ની કિતાબમાં આ રીતે ટુંકમાં ઉલ્લેખ થયો છે. (મીમ અને દાલનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો) 'અલ કિતાબીલ્ મોબીન' થી મુરાદ હઝરત અલી(અ.સ.) છે અને 'લયલતીન' થી મુરાદ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) છે. 'યુફરકો કુલ્લો અમ્રીન હકીમ' થી મુરાદ વિપુલ પ્રમાણમાં ભલાઇ છે. ખુબ જ વધારે પ્રમાણમાં ખૈર અને નેકીઓથી મુરાદ એક હકીમ મર્દ બાદ બીજા હકીમ મર્દ''*

(કાફી, બાબો મવલદ અબીલ હસન મુસા ઇબ્ને જાફર(અ.સ.), હદીસઃ ૪)

આ રિવાયતમાં શબે કદ્રથી મુરાદ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) છે.

હઝરત ઇમામ મોહમ્મદે બાકિર(અ.સ.)એ ફરમાવ્યુઃ

*અય શીઆ સમૂહ! તમે લોકો સુરે ઇન્ના અન્ઝલ્નાથી ઇસ્તિદ્લાલ અને ચર્ચા કરો, સફળ થાશો. ખુદાની કસમ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) પછી તે ખુદાની હુજ્જત છે અને ચોક્કસ આ સુરો તમારા દીનનો સ્રોત અને સરદાર છે અને અમારા ઇલ્મની ઇન્તેહા છે.*

*અય શીઆ સમૂહ! તમે લોકો સુરએ હા મીમ દોખાનથી દલીલ કરો. આ સુરો હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) પછી ઉલીલ અમ્રથી મખ્સુસ છે.*

(કાફી, ભાગઃ૧, પાનાઃ૨૪૯)

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબી તાલીબ(અ.સ.)એ ફરમાવ્યું:

*દર વર્ષે શબે કદ્ર છે અને આ રાતમાં આખા વર્ષની તમામ બાબતો નાઝિલ થાય છે. આ બાબતો હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) પછી વલીએ અમ્રને સોંપવામાં આવે છે.*

*ઇબ્ને અબ્બાસે પુછ્યુઃ આ કોણ લોકો છે? તો ફરમાવ્યું કેઃ હું અને મારી નસ્લના ૧૧ ઇમામો*

(કાફી, ભાગઃ૧, પાનાઃ૨૪૭-૨૪૮)

આ રીતે શબે કદ્રના સંબંધથી હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) અને હઝરત ઇમામ મહદી(અ.સ.)માં એક ખાસ સંબંધ છે. એકની માઅરેફત અને મોહબ્બત શબે કદ્ર છે અને એકની ખીદમતમાં તમામ બાબતો નાઝિલ થાય છે. તેમના થકી તમામ મખ્લુકાતને ખુદાનો ફૈઝ પહોંચે છે. જે શખ્સ આ હઝરતોની વિલાયત અને ઇમામતનો માનવાવાળો નથી, તે શબે કદ્રની બરકતોથી મેહરૂમ છે. જે શખ્સનું દિલ એ હઝરતોની વિલાયત અને ઇમામતથી માલા-માલ છે, તે એમના તવસ્સુલથી ઝીંદગીની દરેક બાબતનો ઉકેલ મેળવી શકે છે. દરેક મુશ્કીલ દૂર કરી શકે છે. તેની ઝીંદગીમાં ક્યારેય નિરાશા અને નાઉમ્મીદી નથી આવતી. આ જ કારણે એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત અને ઇમામતની નેઅમતોથી ફાયદો હાસિલ કરવાવાળા લોકો ત્રાસવાદમાં શામિલ નથી.

---ooo---

# અકીદએ મહદવીય્યત અને એહલે સુન્નતની કિતાબો

આ હકીકત કોઇના માટે છુપી નથી કે મહદવીય્યતનો અકીદો એ અકીદો છે, જેના પર ઇસ્લામના તમામ આલીમો એક મત છે, પરંતુ હાલમાં એહલેબૈત(અ.મુ.સ.) પ્રત્યે બુગ્ઝ રાખવાવાળા અમુક લોકોએ પોતાના શૈતાની પ્રચાર થકી આ સાબીત કરવાની કોશીશ કરી રહ્યા છે કે આ અકીદો ફક્ત શીયાઓનો અકીદો છે અને ઇસ્લામ સાથે તેનો કોઇ સંબંધ નથી. આથી આ ટુંકા લેખમાં અમે એહલે સુન્નતની એ કિતાબોનો પરિચય કરાવીશુ જે સ્વતંત્ર રીતે મહદવીય્યતના વિષય પર લખવામાં આવી છે. આ એ કિતાબ છે જેને એહલે સુન્નતના મશ્હુર અને માઅરૂફ આલીમોએ સંકલીત કરી છે અને આજે પણ આ કિતાબો મૌજુદ છે. અલબત્ત એ બતાવી દેવુ જરૂરી છે કે આ બધી કિતાબો અલ ગદીરના લેખક અલ્લામા શૈખ અબ્દુલ હુસૈન અમીની(ર.અ.)ની લાઇબ્રેરી માંથી લેવામાં આવી છે અને તમામ કિતાબો અરબી ભાષામાં છે. આ લીસ્ટના લખાણનો યશ મોહક્કીક (સંશોધન કર્તા) અને કિતાબોને ઓળખનાર મરહુમ સૈયદ અબ્દુલ અઝીઝ ઇબ્ને સય્યદ જવાદ તબાતબાઇ યઝદી નજફી (૧૩૪૮-૧૪૧૬)ને જાય છે. કેટલુ સારૂ થાય કે અગર બર્રે સગીર એટલે કે હીન્દુસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશના આલીમો માંથી કોઇ મોહક્કીક (સંશોધનકર્તા) આ રીતે ઉર્દુ, હીન્દી અને ઇંગ્લીશ કિતાબોનુ લીસ્ટ બનાવે, કારણ કે આજે આ પ્રકારના કાર્યોની હંમેશા કરતા વધારે જરૂરત છે. જ્યારે હક મઝહબ પર દુશ્મનોના હુમ્લા પરિસ્થિતિ અને સંખ્યા બન્ને રીતે વધતા જાય છે.

હવે આવો બીજી કોઇ વધારે પ્રસ્તાવના વગર કિતાબોનો એક ટુંકો અભ્યાસ કરી લઇએ.

## (૧) ઇબ્રાઝુલ્ વહ્મીલ્ મક્નુને મિન્ કલામે ઇબ્ને ખલ્દુન

લેખકઃ અલ્લામા મોહદ્દીસ અબુલ ફૈઝ એહમદ ઇબ્ને મોહમ્મદ ઇબ્ને સીદ્દીકી ગમારી (વફાત ૧૩૮૦ હી.સ.) તેઓ કૈરોના રહેવાસી હતા. એહમદ મોહમ્મદ મુરસી નકશબંદી એ પોતાની કિતાબ ''અલી ઇબ્ને અબી તાલીબ ઇમામુલ આરેફીન'' ની પ્રસ્તાવનામાં લેખકની ઝીંદગીના બારામાં બયાન કર્યુ છે. આ કિતાબ એટલે કે ઇબ્રાઝુલ્ વહ્મીલ્ મક્નુને મિન્ કલામે ઇબ્ને ખલ્દુન ઇમામ મહદી(અ.સ.)ના બારામાં છે અને આ એ કે હઝરત(અ.સ.) આખરી ઝમાનમાં ઝુહુર ફરમાવશે અને આ બારામાં અહાદીસે નબવી(સ.અ.વ.) મુતવાતિર છે. આ કિતાબ હી.સ. ૧૩૪૭ માં તુર્કીમાં પ્રથમ વાર છપાણી અને પછી હી.સ. ૧૩૫૪ માં બીજી વાર છપાણી. જે લોકોએ માનનીય લેખકના જીવન વૃતાંત વિશે જાણવા ચાહે છે તેઓ મોઅજમુલ મોઅલ્લેફીન, ભાગઃ૧૧, પાનાઃ૧૩૬૮ અઅલામે ઝરકલી, ભાગઃ૧, પાનાઃ૨૫૩ નો અભ્યાસ કરી શકે છે. લેખકના માનનીય ભાઇ અબ્દુલ અઝીઝ ઇબ્ને મોહમ્મદ ગમારી (વફાત હી.સ.૧૪૧૮) એ કિતાબ ''અલ એફાદતો બે તોરોકે હદીસ અન નઝરો એલા અલીય્યીન એબાદતુ'' લખી

## (૨) અલ અરબઉન હદીસન ફીલ મહદી

લેખક અબુ નોએમ એહમદ ઇબ્ને અબ્દુલ્લા ઇસ્ફહાની (વફાત ૪૩૦ હી.સ.) આ કિતાબમાં ઇમામ મહદી(અ.સ.)ના બારામાં રસુલે અકરમ(સ.અ.વ.)ની ૪૦ હદીસોની નોંધ કરવામાં આવેલ છે. જલાલુદ્દીન સુયુતીએ આ સંકલનને પોતાની કિતાબ ''અલ ઉરફુલ વરદી''માં મૂળભુત ધરી તરીકે ગણાવી છે.

## (૩) અસહ્હો મા વરદ ફીલ મહ્દી વ ઇસા

લેખકઃ શૈખ મોહમ્મદ હબીબુલ્લાહ શન્કીતી (૧૨૯૫ હી.સ. થી ૧૩૬૩ હી.સ.) લેખક એક મુદ્દત સુધી મક્કએ મોકર્રમામાં જીવન પસાર કરતા હતા પછી તેમણે કૈરો હીજરત

કરી અને ત્યાં અલ અઝહર યુનીવર્સીટીમાં ઉસુલે દીનનો પાઠ ભણાવતા હતા. તેમની ઘણી બધી કિતાબોને અલ અઝર યુનીવર્સીટીએ પ્રકાશિત કરી. જેમાં ઉપરોક્ત કિતાબ પણ શામીલ છે. આ ઉપરાંત તેમણે અન્ય બે કિતાબો લખી 'હયાતે અલી ઇબ્ને અબી તાલીબ(અ.સ.)' અને 'કિફાયતુત્ તાલિબ ફી મનાકેબે અલી ઇબ્ને અબી તાલિબ' લેખકની ઝિંદગી વિશે કુત્તાનીની ફહરોસુલ્ ફહારિસ પાનાઃ૫૫ અઅ્લામે ઝરકલી, ભાગઃ૬, પાનાઃ૧૭૯ અને મોઅજ્જમુલ્ મોઅલ્લેફીન, ભાગઃ૯, પાનાઃ૧૭૬ પર જોઇ શકાઇ છે.

## (૪) અલ બુરહાનો ફી અલામાતે મહદી આખેરૂઝ્ઝમાન

લેખકઃ અલી ઇબ્ને હિસામુદ્દીન મુત્તકી હીન્દી (હી.સ. ૮૮૫ થી હી.સ. ૯૭૫) જે કન્ઝુલ ઉમ્માલ અને અન્ય મશ્હુર કિતાબોના લેખક પણ છે. આપની ઝિંદગીનુ સવિસ્તાર વર્ણન નુઝ્હતુલ્ ખવાતિર, ભાગઃ૪, પાનાઃ૨૩૪ માં મૌજુદ છે. આ કિતાબની પ્રત હરમે મક્કી, લંડન, હૈદરાબાદ (દક્કન) અને મદીનાએ મુનવ્વરાની લાઇબ્રેરીમાં મૌજુદ છે. તેની આખરી એડીશન સઉદી અરબ (હી.સ. ૧૪૦૮) માં છપાણી છે. અહીં એક વાત ચોક્કસ બતાવીશુ કે મુત્તકી હીન્દીએ ફારસી ભાષામાં ઇમામ મહદી(અ.સ.)ના બારામાં એક આર્ટીકલ લખ્યો હતો જે આજે પણ આયતુલ્લાહ મરઅશી(ર.અ.)ની લાઇબ્રેરી (કુમ મુકદ્દસ)માં મૌજુદ છે. (૨/૧૨૯) આ આર્ટીકલ ૬૦ હદીસોનો બનેલો છે અને ૪ પ્રકરણોમાં છે જે આ રીતે છેઃ (અ) હઝરત મહદી(અ.સ.)ની સિફતો અને વંશ (બ) આપની કરામતો (ક) ઝુહુરની અલામતો (ડ) ઝુહુર પછીના બનાવો.

## (૫) અલ બયાનો ફી અખ્બારે સાહેબુઝ્ઝમાન

લેખકઃ ફખરૂદ્દીન મોહમ્મદ ઇબ્ને યુસુફ ગંજી શાફેઇ (વફાત હી.સ.૬૫૮) લેખકનો ઉલ્લેખ હદીઅલ્ આરેફીન, ભાગઃ૨, પાનાઃ૧૨૭ પર થયો છે. ઇસ્તેખારૂલ ઓલમાઅ સઆદત હુસૈન ખાન સાહેબ કીબ્લા(ર.અ.)એ આ કિતાબનો ઉર્દુ તરજુમો 'ઇમામે મુન્તઝર' ના નામથી કર્યો છે પરંતુ અફસોસ કે આ કિતાબ હાલમાં પ્રાપ્ય નથી. અલ મુન્તઝરના થકી અમે મરહુમના વારસદારો અને અકીદતમંદોથી અપીલ કરીએ છીએ કે શક્ય હોય તો આ કિતાબને લોકોની સામે લાવવામાં આવે. જેથી મરહુમના બાકેયાતુસ્સાલેહાતમાં વધારો થાય.

## (૬) તેહકીકુન નઝર ફી અખ્બારીલ ઇમામીલ મુન્તઝર

લેખક મોહમ્મદ ઇબ્ને અબ્દુલ અઝીઝ ઇબ્ને માનેઅ ઇબ્ને અબ્દીલ્લાહ ઇબ્ને મોહમ્મદ ઇબ્ને ઇબ્રાહીમ વહીબી (હી.સ. ૧૩૦૦ થી હી.સ. ૧૩૮૫) તેઓ નજ્દના આલિમોમાંથી છે. ઝરકલીએ લખ્યુ છે કે મૌસુફે બસરા, બગદાદ અને કૈરોમાં ઇલ્મ હાસિલ કર્યુ. હી.સ. ૧૩૮૫માં સઉદી અરબના બાદશાહ અબ્દુલ અઝીઝ આલે સઉદે તેમને મક્કા બોલાવ્યા અને ત્યાં દર્સ આપવાનો પ્રસ્તાવ કર્યો. હી.સ. ૧૩૮૫ માં ઇલાજ માટે બૈરૂત ગયા અને ત્યાં તેમનો ઇન્તેકાલ થઇ ગયો. (ભાગઃ૬, પાનાઃ૨૦૯)

## (૭) રીસાલતો ફી તેહકીકે ઝુહુરૂલ મહદી

લેખકઃ અહમદ ઇબ્ને અબ્દુલ લતીફ બરબીર દમયાતી (વફાત હી.સ. ૧૨૨૮)

## (૮) તલખીસુલ બયાન ફી અખ્બારે મહદી આખેરૂઝ્ઝમાન

લેખકઃ અલાઉદ્દીન અલી ઇબ્ને હીસામુદ્દીન અલ મલીક ઇબ્ને કાઝી ખાન મુત્તકી હીન્દી (વફાત હી.સ. ૯૭૫) આ કિતાબની પ્રત આસેફીયા લાઇબ્રેરી, હૈદરાબાદ (દક્કન) મૌજુદ છે. જ્યારે અલ્લામા અમીની(ર.અ.) હી.સ. ૧૩૮૦ માં હીન્દુસ્તાન આવ્યા ત્યારે આપે આ લાઇબ્રેરીમાંથી આ કિતાબની કોપી કરી અને આપે પોતાના મશ્હુર સફર નામા સમરાતુલ્ અસ્ફાર, ભાગઃ૧, પાનાઃ૧૪૫-૧૪૭ માં તેનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત આ કિતાબની પ્રતો મદીનએ મુનવ્વરાની લાઇબ્રેરી મુલ્કે અબ્દુલ અઝીઝ, ઇસ્તમ્બુલ, તુર્કી, માન્ચેસ્ટર, ઇંગ્લેન્ડ અને મુંબઇની જામેઅ મસ્જીદની લાઇબ્રેરીઓમાં પણ મૌજુદ છે.

અનુસંધાન પાના નં. ૧૩ ઉપર ...

# ઝુહુરના સમયમાં અંબિયા(અ.મુ.સ.)ના અદ્લનો પ્રકાશ

સામાજિક જીંદગી માટે વ્યવસ્થા અને કાનૂન એ મહત્વની માંગ છે પરંતુ કાયદો અને વ્યવસ્થા આવી જવાથી આ તકાઝા પુરા નથી થતા. ફક્ત નિયમો બનાવીને સામાજિક અને વ્યક્તિગત જીવનને સુખી નથી બનાવી શકાતું. ખુશહાલ અને સંતોષજનક સામાજિક જીવન એ સમયે હાંસિલ થઇ શકે છે જ્યારે અદ્લ અને ઇન્સાફ પર આધારિત સામાજિક જીંદગી સ્થાપિત થાય અને ઇન્સાફ પૂર્વકની સામાજિક જીંદગી એ સમયે હાંસિલ થશે જ્યારે સમાજના કાનૂન અને વ્યવસ્થા પણ અદ્લ અને ઇન્સાફ પર સ્થાપિત હોય. ખુદાવંદે આલમે પોતાના રહેમો કરમની બુનિયાદ પર તમામ ઇન્સાનોને બેહતર અને ખુશબખ્ત જીંદગી વીતાવવા માટેની તમામ શક્યતાઓ ઉપલબ્ધ કરી છે પરંતુ ઘણા બધા ઇન્સાનો અલ્લાહની નેઅમતોનો શુક્ર અદા નથી કરતા અને પરિણામે ખુદાવંદે આલમના ગઝબનો શિકાર બને છે. ઇલાહી રેહબરી અને હિદાયત, ઇન્સાફ પૂર્વક વ્યવસ્થા અને કાનૂનો, ખુદાવંદે આલમની ઇન્સાનના માટે ખૂબ જ મહત્વની નેઅમતો હતી જે નાકદરીના લીધે પ્રત્યક્ષ રીતે આ શક્યતાઓથી હિદાયત અને રેહબરી હાંસિલ કરવાથી મેહરૂમ થઇ ગયા.

ઇન્સાન પોતાની તમામ ક્ષમતાઓ અને કુદરત અને તાકતનો ઉપયોગ કર્યા પછી આ પરિણામ પર પહોંચ્યો કે બેહતર અને ખુશીથી ભરપૂર જીંદગી એક-બીજાની સાથે સહકાર અને સુમેળમાં છુપાયેલી છે, જેને એક બેહતરીન સામાજિક જીંદગીનું નામ પણ આપી શકાય છે. પરંતુ સામાજિક જીવનની ઘણી બધી જરૂરીયાતો છે જેમાં સૌથી મહત્વની બાબત વ્યવસ્થા અને કાનૂન છે. કાનૂન અને વ્યવસ્થા વગર સામાજિક જીંદગી ન ફક્ત ઇન્સાની સમાજના મકસદો અને હેતુઓને પુરા નથી કરતી બલ્કે ઇન્સાનની હયાત અને બકાને ખતરામાં નાખી દે છે. હવે અહીંથી એક બહુ જ મૂળભૂત સવાલ પૈદા થાય છે અને વાત આગળ વધે છે. જ્યારે વ્યવસ્થા અને કાનૂનની જરૂરત છે તો આ વ્યવસ્થા અને કાનૂનનું માપદંડ શું છે? કાનૂન બનાવવાવાળાની સામે ક્યા ક્યા હેતુઓ અને મકસદો છે? કાનૂન સ્થાપિત કરવાવાળા કોણ છે?? આ ટૂંકા લખાણમાં વિષયના તમામ પાસાઓને ઘેરીને વિગતવાર ચર્ચા તો નથી કરી શક્તા પરંતુ ખુલાસા તરીકે અરજ કરીએ કે ઇન્સાની સમાજને તેની હાલની પરિસ્થિતિ અને વ્યવસ્થા અને કાનૂનને ધ્યાનમાં રાખીને તેને ત્રણ પ્રકારના દ્રષ્ટિકોણથી રજુ કરી શકીએ છીએ.

(૧) એક એ સમાજ જે સેરાતે મુસ્તકીમની ધરી પર ફરી રહ્યો છે. આ સમાજ ઇલાહી કાનૂન, ઇલાહી મકસદો અને ખુદાઇ રેહબરી અને પ્રતિનિધિત્વથી ફાયદામંદ થાય છે. જેની નજરમાં જીંદગીની શરૂઆત અને અંત પણ ખુદાએ તઆલા જ છે. અંબિયાએ કેરામ, ઇલાહી અવ્લીયાની તબ્લીગ અને હિદાયતનું તમામ બળ ઇન્સાની સમાજને સિરાતે મુસ્તકીમ પર કાએમ કરવું છે. આથી કહી શકીએ છીએ હઝરત ઇમામ મહદી(અ.સ.)ની હુકુમત હકીકતમાં અંબિયાએ ઇલાહીની રિસાલતનો સિલસિલો છે. જેમાં અદ્લ અને ઇન્સાફ પોતાના સંપૂર્ણ મરતબા પર નજર આવશે અને કોઇ પણ પ્રકારના ઝુલ્મો સિતમનું નામો નિશાન નહી હોય. હકીકતમાં અદ્લ ફક્ત આ રીતે તસવ્વુર થઇ શકે.

(૨) બીજો એ સમાજ છે જે ઇલાહી હેતુઓ અને મકસદોની વિરૂદ્ધ ચાલી રહ્યો છે. જે પ્રકારના લોકો ઇલાહી અંબિયા અને પરવરદિગારના પ્રતિનિધિઓની વિરૂદ્ધતા કરતા કરતા જંગ અને લડાઇ, કત્લો ગારત અને દરેક પ્રકારના ઝુલ્મો જોરનું પ્રદર્શન કરી રહ્યા હતા અને આજે પણ એવા લોકો જે ઝુલ્મો સિતમને પોતાના નાપાક ઇરાદાઓ માટે માધ્યમ બનાવેલા છે, આવા જ લોકો ઇમામ મહદી(અ.સ.)ના ઝુહુરના બાદ આપના અદ્લો ઇન્સાફની વ્યવસ્થાની વિરૂદ્ધતા કરતા કરતા જંગ કરવા માટે તૈયાર થશે. આ એ લોકો છે જેમને ખુદાવંદે આલમે કુર્આનમાં 'મગઝુબીન' ના નામથી યાદ કર્યા છે.

(૩) ત્રીજો એ સમાજ છે જે દરેક પ્રકારના અખ્લાક અને

ચારિત્ર્યથી અલગ ગુમરાહી અને અંધકારમાં જીંદગી વીતાવે છે. ઇન્સાની અને દીની સંસ્કૃત્તિ અને તેહઝીબથી દૂર ઘટાટોપ અંધકારમાં જીંદગી ગુજારે છે. આ લોકો હિદાયતના કાબીલ તો છે પરંતુ તેમની જેહાલત અને નાદાનીના લીધે અદ્લ અને ઇન્સાફના માર્ગમાં કદમ ઉપાડવામાં અવરોધ રૂપ છે. કુર્આને આવા લોકોને 'ઝાલ્લીન'ના ગિરોહમાં ગણાવ્યા છે.

આજે જે કાંઇ દુનિયામાં થઇ રહ્યુ છે તે જુદા જુદા દ્રષ્ટિકોણથી અદ્લ અને ઇન્સાફના ઉસુલ અને કાનૂનથી ટક્કર અને સંઘર્ષ છે. આજે દુનિયા એ લોકોના ઇખ્તીયારમાં છે જેમની કોશિશ દુનિયાની તમામ દૌલત અને કુદરત અને તાકત અને સત્તા પર એકલા વર્ચસ્વ પૈદા કરવુ છે અને અન્ય લોકોને તેનાથી વંચિત કરવુ છે. ભલે પછી આ માર્ગમાં ઝુલ્મો સિતમ અને નાઇન્સાફીના બેહતરીન હથિયારોનો ઉપયોગ કરવો કેમ ન પડે. આજની દુનિયામાં આઝાદી, સેક્યુલરીઝમ (બિન સાંપ્રદાયિક્તા), શહેરી હક્કોનો બચાવ, આતંકવાદની સામે આલમી જંગ, એટમી હથિયારોનો ફેલાવો ન થાય તેવી પોલીસીઓ, વૈશ્વિક સુકુન અને શાંતિ સ્થાપિત કરવાનો ઢંઢેરો. આ બધુ વૈશ્વિક ઝાલિમોના કુત્રિમ અને મક્રો ફરેબના નારા છે જેથી પોતાના નાપાક ઇરાદાઓ અને ઝુલ્મો પર પર્દો નાખી શકે. આ રીતે આપણે કુર્આની દ્રષ્ટિકોણથી આ વાત કહેવામાં હક્ક પર છીએ કે આજ દુનિયાની હુકુમતો 'મગ્ઝુબીન' સમૂહના હાથોમાં છે. 'સિરાતે મુસ્તકીમ' સમૂહ ઓછી સંખ્યામાં અને આજીઝ અને અશક્તિની હાલતમાં પસાર થઇ રહી છે અને 'ઝાલ્લીન' સમૂહ પણ 'મગ્ઝુબીન'ના હાથોમાં વગર કારણે કૈદી છે.

હકીકતમાં દુનિયાવાળાઓ પાસે કોઇ એવી સંપૂર્ણ અને વૈશ્વિક વ્યવસ્થા જ નથી જેમાં ઇન્સાનીય્યતના તમામ વર્ગો ત્યાં સુધી કે જાનવરોના હક્કો અને તેમની સામાજિક અને વ્યક્તિગત જીંદગીને સાંકળી લેતા હોય જેમાં દરેકની આઝાદી અને હક્કોનો ખ્યાલ કરીને અદ્લો ઇન્સાફની બુનિયાદ પર કાનૂન બનાવવામાં આવ્યો હોય.

હકીકતમાં હુકુમતનો મકસદ જ એ હોય છે કે તે અદ્લો ઇન્સાફની બુનિયાદ પર સમાજના તમામ વર્ગોને તેના હક્કો આપીને તેને સંપૂર્ણતા તરફ લઇને ચાલે અને કોઇ પણ પ્રકારનો સંઘર્ષ અને ટક્કર ન થાય આથી હુકુમતના બે પાસાઓ હોય છેઃ (૧) ભૌતિક (૨) રૂહાની

## (૧) ભૌતિક પાસુ :

જેમાં દુન્યવી, આર્થિક, જીવન નિર્વાહને લગતુ, શાંતિ અને સલામતનીનું રક્ષણ, સુખ સગવડતાની ઉપલબ્ધતા.

## (૨) રૂહાની પાસુ :

હુકુમતના સમયગાળાનું આ એ મહત્વનું પાસુ છે જેના થકી ભૌતિક હેતુઓને પણ બળ મળે છે અને હુકુમતનો હેતુ પૂરો થાય છે. કુર્આન અને રિવાયતોના દ્રષ્ટિકોણથી ઇમામ મહદી(અ.સ.)ની વૈશ્વિક અને ઇસ્લામી હુકુમતની જે ખાસિયત અને જે હેતુઓ બયાન કરવામાં આવ્યા છે તેના તરફ ટૂંકાણમાં એક ઇશારો કરીએ છીએ.

### (અ) તમામ ઇન્સાનોની અલ્લાહના એક દીન તરફ હિદાયત અને માર્ગદર્શન કરવું:

આના વિશે ઘણી બધી આયતો મળી આવે છે.

***(૧) અલીફ લામ રા. કેતાબુન્ અન્ઝલ્નાહો એલય્ક લે તુખ્રેજન્નાસ મેનઝ્ ઝોલોમાતે એલન્ નૂરે બે ઇઝ્ને રબ્બેહીમ્ એલા સેરાતીલ્ અઝીઝીલ્ હમીદ***

(સુરે ઇબ્રાહીમ, આયતઃ૧)

***(૨) અલ્લાહો વલીય્યુલ્ લઝીન આમનૂ યુખ્રેજોહુમ્ મેનઝ્ઝોલોમાતે એલન્નૂર***

(સુરે બકરહ, આયતઃ૨૫૭)

***(૩) અલ્લઝીન ઇન્ મક્કન્નાહુમ્ ફિલ્ અર્ઝે અકામુસ્સલાત વ આતવુઝ્ ઝકાત વ અમરૂ બીલ્ મઅ્રૂફે વ નહવ્ અનીલ્ મુન્કર***

(સુરે હજ, આયતઃ૪૧)

'મક્કન્નાહુમ્ ફીલ્ અર્ઝ'ની તાબીર જમીન પર મોઅમીનોને તાકત અને કુદરત અતા કરવા તરફ ઇશારો કરી રહી છે, જેમાં અલ્લાહ પર ઇમાન રાખવાવાળાઓના થકી ઝમીન પર અદ્લની હુકુમત સ્થાપિત કરવા તરફ ઇશારો છે.

***(૫) વઅદલ્લાહુલ્લઝીન આમનૂ મિનૂકુમ્ વ***

*અમેલુસ્ સાલેહાતે લ યસ્તખ્લેફન્નહુમ્ ફીલ્ અર્ઝે કમસ્ તખ્લફલ્ લઝીન મિન્ કબ્લેહીમ્. વ લ યોમક્કેનન્ન લહુમ્ દીનહોમુલ્ લઝીર્તઝા લહુમ્ વ લ યોબદ્દેલન્નહુમ્ મિમ્ બઅ્દે ખવ્ફેહીમ્ અમ્ના. યઅ્બોદુનની લા યુશ્રેકુન બી શયઅા. વ મન્ કફર બઅ્દ ઝાલેક ફ ઓલાએક હોમુલ્ ફાસેકુન*

(સુરે નૂર, આયતઃ૫૫)

આયતે કરીમામાં ચાર મકસદો તરફ ઇશારો છેઃ (૧) વૈશ્વિક હુકુમત (૨) શીઆ ઇસ્લામી હુકુમત (૩) શાંતિ અને ન્યાયની સ્થાપના (૪) જમીન પર શીર્કનો ખાતેમો

જેમકે રસુલે અકરમ(સ.અ.વ.) ફરમાવે છેઃ

*"ખુદાની કસમ અગર દુનિયાની ઉમ્ર માંથી ફક્ત એક દિવસ બાકી બચશે તો ખુદાવંદે આલમ એ દિવસને એટલો બધો લાંબો કરી દેશે કે મારો ફરઝંદ મહદી(અ.સ.) જાહેર થશે. દુનિયાને અદ્લો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે ઝુલ્મો જૌરથી ભરેલી હશે. તેમની હુકુમત પૂર્વ અને પશ્ચિમમાં સ્થાપિત થશે"*

*હોવલ્લઝી અર્સલ રસુલહુ બીલ્ હોદા વ દીનીલ્ હક્કે લે યુઝ્હેરહુ અલદ્ દીને કુલ્લેહી વ લવ કરેહલ્ મુશ્રેકુન*

જેમકે ઇમામ બાકિર(અ.સ.)એ ફરમાવ્યુઃ

*"ખુદાવંદે આલમ હઝરત મહદી(અ.સ.) વડે પોતાના દીનને તમામ દીનો પર ગાલિબ કરશે. ભલે પછી આ વાત મુશ્રીકોને નાપસંદ કેમ ન હોય"*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૧૯૧)

### (બ) એહકામે ઇલાહી ખાસ કરીને અદ્લની સ્થાપનાઃ

આ બારામાં કુર્આનની ઘણી બધી આયતો માર્ગદર્શન કરે છે.

*(૧) લકદ્ અર્સલ્ના રોસોલના બીલ્ બય્યેનાતે વ અન્ઝલ્ના મઅહોમુલ્ કેતાબ વલ્ મિઝાન લે યકુમન્નાસો બીલ્ કિસ્તે*

*"ચોક્કસ અમે પોતાના નબીઓને સ્પષ્ટ નિશાનીઓ અને મોઅજીઝાઓ દઇને મોકલ્યા અને તેમની સાથે કિતાબ અને (ઇન્સાફનું) ત્રાજવુ નાઝિલ કર્યુ જેથી લોકો ઇન્સાફ પર કાયમ રહે"*

(સુરે હદીદ, આયતઃ૨૫)

*(૨) કુલ્ અમર રબ્બી બીલ્ કિસ્તે*

*"અય પૈગમ્બર તમે કહી દો કે મારા પરવરદિગારે મને અદ્લ અને ઇન્સાફનો હુકમ કર્યો છે"*

(સુરે અઅરાફ, આયતઃ૨૯)

*(૩) અલ્લઝીન યત્તબેઉનર્ રસુલન્ નબીય્યલ્ ઉમ્મેયલ્ લઝી યજેદુનહુ મક્તુબન્ ઇન્દહુમ્ ફીત્તવરાતે વલ્ ઇન્જીલે યઅ્મોરોહુમ્ બીલ્ મઅ્રૂફે વ યન્હાહુમ્ અનીલ્ મુન્કરે વ યોહીલ્લો લહોમુત્તય્યેબાતે વ યોહર્રેમો અલય્હેમુલ્ ખબાએસ વ યઝઓ અન્હુમ્ ઇસ્રહુમ્ વલ્ અગ્લાલલ્ લતી કાનત્ અલય્હીમ્ ફલ્લઝીન આમનૂ બેહી વ અઝ્ઝરૂહો વ નસરૂહો વત્તબઉન્નૂરલ્લઝી ઉન્ઝેલ મઅહુ ઓલાએક હોમુલ્ મુફ્લેહુન*

*"(એટલે કે) જે લોકો અમારા નબી ઉમ્મી પૈગમ્બરની સાથે સાથે ચાલે છે જેમની (ખુશખબરી)ને પોતાની તૌરેત અને ઇન્જીલમાં લખેલુ પામે છે. તે નબી જે નેક કામનો હુકમ આપે છે અને બુરા કામથી રોકે છે અને જે પાકો પાકીઝા ચીજોને તેના પર હલાલ અને નાપાક અને ગંદી ચીજો તેના પર હરામ કરી દે છે અને તે (સખ્ત એહકામનો) બોજ જે તેમની ગરદન પર હતો એ ફંદાઓ જે તેમના પર પડેલા હતા તેનાથી હટાવી દે છે. માટે યાદ રાખો કે જે લોકો એ (નબી મોહમ્મદ સ.અ.વ.) પર ઇમાન લાવ્યા અને તેમની ઇઝ્ઝત કરી અને તેમની મદદ કરી અને એ નૂર (કુર્આનની) પૈરવી કરી જે તેમની સાથે નાઝિલ થયુ છે તો આવા લોકો પોતાની દિલી મુરાદ હાંસિલ કરશે"*

(સુરે અઅરાફ, આયતઃ૧૫૭)

ઉપરોક્ત આયત આપણા મૂળભૂત વિષયને એકદમ સ્પષ્ટ શબ્દોમાં ટેકો આપે છે. જ્યારે આં હઝરત(સ.અ.વ.)નુ

તમામ નેકીઓનો હુકમ દેવો અને તમામ બુરાઇઓની મના કરવાની જવાબદારી ઠેરવવામાં આવી છે. તો જે તેમના બરહક ખલીફા અને હકીકી જાનશીનનો હકદાર અને પોતાના ઇસ્લામી નિઝામને આં હઝરત(સ.અ.વ.)ની વ્યવસ્થા સાથે સંબંધિત કરે છે તેની પણ આ જ જવાબદારી હશે અને લોકોની સૌથી મોટી ખિદમત જેહાલત અને ગુમરાહીની સાંકળોથી આઝાદ કરવા એ છે. દુનિયાની હુકુમતોમાં જે આજકાલ જુદી જુદી તાકતોની વચ્ચે સંઘર્ષ અને ટકરાવ જોવા મળે છે. દરેક કૌમ પોતાની ઉચ્ચતા અને નફો હાંસિલ કરવા માટે એક-બીજાથી હરિફાઇ અને ઝઘડાના સ્વરૂપ અપનાવે છે. આ વિરોધાભાસ ઇમામ મહદી(અ.સ.)ની વૈશ્વિક હુકુમતમાં જોવા નહી મળે.

### (ક) રૂહાની અને અખ્લાકી મૂલ્યોની સત્તા :

આજની દુનિયામાં અખ્લાકી ફસાદ અને તબાહીની કોઇ હદ નથી જેનાથી દુનિયાનો દરેક ઇન્સાન જાણકાર છે. અખ્લાકી મૂલ્યોના મહત્વનુ આજે કોઇ અવકાશ નથી પરંતુ હુકુમતોમાં ઇન્સાની અને અખ્લાકી મૂલ્યોની વિરૂદ્ધ કાનૂન બનાવવામાં આવે છે. હુકુમત, રાજકારણ અને અર્થશાસ્ત્રમાં અખ્લાક અને ચારિત્ર્યની કોઇ દખલગીરી જ નથી. ઇમામ મહદી(અ.સ.)ની વૈશ્વિક હુકુમતમાં અખ્લાકી ફઝીલતો અને રૂહાની મૂલ્યોને પ્રચલિત અને દરેક પ્રકારની અખ્લાકી બુરાઇઓનો અટકાવ હશે.

ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ફરમાવે છેઃ

*''જ્યારે કાએમ(અ.સ.)નો ઝુહુર થશે તો તે સમયે લોકોમાં દોસ્તી અને મોહબ્બત અને એકતા હશે''*

(ઇખ્તેસાસ, પાનાઃ૨૪)

### (ડ) આર્થિક અદ્લો ઇન્સાફ :

જ્યારથી દુનિયા આબાદ થઇ છે અને ઇન્સાનીય્યતનું અસ્તિત્વ સ્થાપિત થયુ છે, તે સમયથી લઇને આજ સુધી દુનિયા આર્થિક રીતે અસંતુલન પર કાયમ છે. લાખો વર્ષોના જુદા જુદા ઉતાર ચઢાવમાં ક્યારેય પણ એવો સમય નથી આવ્યો, જ્યારે સંપૂર્ણ રીતે તમામ અસ્તિત્વ ધરાવનારને પોતાનો હક મળી ગયો હોય અને સુકુન અને શાંતિની જીંદગી વીતાવી હોય અને આ રીતે અલ્લાહ તઆલાનો વાયદો 'લે યકુમન્નાસો બિલ્કીસ્ત' (જેથી લોકો અદ્લ અને ઇન્સાફ માટે તૈયાર થાય) પૂરો થયો હોય અને હાલના સમયમાં જેટલુ આર્થિક અસંતુલન અને લોકોની વચ્ચે માનવ હક્કોની અસમાનતા પૂર્વક વહેંચણીનો બેશર્મીનો ખેલ જે રીતે રમવામાં આવી રહ્યો છે, તેવી રીતે ક્યારેય રમવામાં નથી આવ્યો. અમીરી અને ગરીબીની દરમીયાન જે અંતર આજે છે તેવું ક્યારેય ન હતુ. ગરીબી રેખાની નીચે જીવન ગુજારવાવાળાની સંખ્યા આટલી બધી ક્યારેય નથી રહી. ગરીબ અને મોહતાજ વર્ગ પોતાની જીંદગીને બાકી રાખવા માટે અને પોતાના હક્કો પાછા મેળવવા માટે જેટલી બેશરમી અને ઝિલ્લત તથા અપમાનનો સામનો કરવો પડે છે તે આજે કોઇ પણ શરીફ વ્યક્તિ અને ઇઝ્ઝતદાર ઇન્સાનથી છુપુ નથી. બસ એ સમજી લ્યો કે ઇન્સાની હક્કોની કમીટીના રીપોર્ટ પ્રમાણે એક તરફ ખોરાકની અછતના લીધે લોકો ભૂખે મરી રહ્યા છે અને બીજી તરફ દુનિયાના પૈસાદાર લોકો પોતાની મિલ્કતને સુરક્ષિત રાખવાની યોજનાઓમાં પરેશાન હાલ છે. ઇમામ મહદી(અ.સ.)ની વૈશ્વિક હુકુમત ફક્ત વ્યક્તિગત અદ્લની બુનિયાદ પર સ્થાપિત નહી હોય પરંતુ આપની હુકુમત વ્યક્તિગત, રાજકીય, આર્થિક અને સામાજિક અદ્લો ઇન્સાફના માપદંડ પર કાયમ થશે. તમામ ઇસ્લામી રિવાયતોમાં આવ્યુ છે કે ઇમામ મહદી(અ.સ.)ની હુકુમતમાં ફકીરીનુ અસ્તિત્વ નહી હોય તેથી ન ફકીર હશે અને ન તો ગરીબ. આનુ કારણ એ છે કે દુનિયાની મિલ્કતો અને માલ લોકોની દરમિયાન સરખી રીતે વહેંચી દેવામાં આવશે.

અબુ સઇદ ખુદરી કહે છે પૈગમ્બરે ઇસ્લામ(સ.અ.વ.) એ ફરમાવ્યુઃ

*''હું તમને મહદી(અ.સ.)ની બશારત આપુ છું કે લોકોના મતભેદોના ફૈસલા પર મારી ઉમ્મતમાં કયામ કરશે. ઝમીન અને આસમાનના રહેવાવાળા તેમનાથી રાજી અને ખુશ હશે. તે માલની લોકોની વચ્ચે સહીહ અને સરખી રીતે વહેંચણી કરશે''*

(બેહાર, ૫૧/૭૮)

બીજી હદીસમાં આવ્યુ છેઃ

*"તે (ઇમામ મહદી અ.સ.) લોકોની વચ્ચે એવી રીતે સરખા પ્રમાણમાં માલ વહેંચશે કે કોઇ પણ મોહતાજ અને જરૂરતમંદ રહેશે નહી"*

(બેહાર, ૫૧/૮૮)

## ઇલ્મી અને સાંસ્કૃતિક ઇન્સાફ :

આજની દુનિયાનું ઇલ્મ અને જ્ઞાન અસંખ્ય પાસાઓથી મર્યાદિત છે એ કહેવું અયોગ્ય નહી ગણાય કે દુનિયાના જ્ઞાનોમાં ફક્ત એક જ ઇલ્મ છે અને તે છે ભૌતિક એટલે કે દુનિયાના ઇલ્મ અને જ્ઞાનનું સંપૂર્ણ ધ્યાન ભૌતિકતાની શોધમાં છે અને તેને પોતાના ધ્યાનનું કેન્દ્ર બનાવ્યુ અને રૂહાની તથા ઇત્મીનાન અને દિલ અને દિમાગને સુકુન મળે તેવી બાબતોથી ગાફીલ છે. બીજી વાત એ છે કે ભૌતિક તકોની પ્રાપ્યતાનું ઇલ્મ અને જ્ઞાન પણ દુનિયાના તાકતવાળા અને પૈસાદાર લોકોની જાત પ્રત્યે મખ્સુસ છે, જેને સામાન્ય માણસોથી દૂર રાખવા માટે જુદા-જુદા કાનૂનો બનાવીને મક્ર અને ફરેબને જાહેર કરવામાં આવે છે. જ્યાં સુધી બીજી સૌથી પ્રગતિશીલ અને આધુનિક ટેકનોલોજી પોતાના ઇખ્તીયારમાં નથી આવી જતી ત્યાં સુધી એ બીજી પ્રગતિને આવકારનારાઓ અને ગરીબ દેશોમાં આ બધુ વહેંચવામાં નથી આવતુ. તે પણ જ્યારે એકદમ બેકાર અને હલકા થાય ત્યારે તે મોડેલને બીજાને આપે છે. પરંતુ ઇમામ મહદી(અ.સ.)ની હુકુમતમાં ઇન્સાનોની અક્લ સંપૂર્ણ થઇ જશે, ઇલ્મી તરક્કી કોઇની પણ અટકાયત અને મર્યાદા વગર તમામ ઇન્સાનોની પહોંચ સુધી હશે.

ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ફરમાવે છેઃ

*"જ્યારે અમારા કાએમ(અ.સ.)નો કયામ થશે, તો તેઓ ઇન્સાનોની અક્લી શક્તિઓને સંપૂર્ણતા અતા ફરમાવશે. ઇમામ મહદી(અ.સ.)ના સમયમાં આપણા સૌને ઇલ્મ અને હિકમત શીખવાડી દેવામાં આવશે. ત્યાં સુધી કે ઔરતો પોતાના ઘરોમાં ખુદાની કિતાબ અને સુન્નતે પૈગમ્બર (સ.અ.વ.) થકી ફૈંસલાઓ કરશે"*

(બેહાર, ભાગઃ૧૦, પાનાઃ૧૦૪)

આવી વૈશ્વિક શીઆ હુકુમતમાં સામાન્ય લોકોની જીંદગી કેટલી ખુશહાલ અને આનંદ દાયક હશે.

***ખુદાવંદે આલમ આપણને સૌને એ હુકુમતમાં જીંદગી વીતાવવાની અને હુકુમતના મામૂલી ગુલામોમાં શુમાર ફરમાવે. આમીન.***

---ooo---

**અનુસંધાન પાના નં. ૮ થી શરૂ ...**

## (૯) તમબીહુલ વસ્નાને એલા અખ્બારે મહદીય્યે આખેરૂઝ્ઝમાન

લેખકઃ એહમદ નોબી (હી.સ. ૧૦૩૭) આ કિતાબની પ્રત ગૌતીત જર્મનીની લાઇબ્રેરીમાં મૌજુદ છે.

## (૧૦) અદ્દુરરૂલ મન્ઝુદ ફી ઝીક્રીલ મહદીય્યીલ્ મવઉદ

સંકલન કર્તાઃ સય્યદ સીદ્દીક હસન ઇબ્ને અવલાદે હસન ઇબ્ને અવલાદે અલી કનુજી. આ કિતાબની શરૂઆત આ રીતે થાય છેઃ અલ્ હમ્દોલીલ્લાહીલ્લઝી બે યદેહીલ્ મુલ્કો વલ્ મલકુતો વ બઅ્દ ફઅ્લમ્ અન્નલ મશ્હુર બય્નલ્ કાફ્ફતે મીન્ અહલીલ્ ઇસ્લામે અલા મોમીદુલ અઅ્સારે ઇન્નહુ લા બુદ્દ ફી આખેરીઝ્ઝમાન મીન ઝુહુરીલ્ રજોલ.... આ કિતાબની મૂળ પ્રત જે ખુદ સંકલન કર્તાના હાથે લખાએલી છે, નદ્વતુલ્ ઓલમાઅ લખનૌ, હીન્દુસ્તાનમાં મૌજુદ છે. અંક ૩૧૧ની અંદર. (ફેહરીસ્તે નદ્વતુલ્ ઓલમાઅ, પાનાઃ૯૭)

---ooo---

# હઝરત ઈમામ મહદી(અ.સ.)નું માર્ગદર્શન

## લકબોની ખુસુસીયાત :

આપણા અઈમ્મા(અ.મુ.સ.)ના પવિત્ર નામો અને લકબો સામાન્ય લોકોના અતા કરેલા નથી, પરંતુ ખુદાવંદે આલમે ખાસિયતોને ધ્યાનમાં રાખીને નામ અને લકબો પસંદ કરેલા છે. આથી દરેક નામ અને લકબની એક ખાસ ખાસિયત છે. જો કે આપણા તમામ અઈમ્મા(અ.મુ.સ.) ફઝીલત અને કમાલની દ્રષ્ટિએ એક સમાન છે. દરેક સજ્જાદ, બાકિર, સાદિક, કાઝિમ અને રેઝા છે. પરંતુ જે ખાસિયત જે ઈમામમાં વધારે જાહેર થાય છે, આ નિસ્બતના લીધે તેમને એ લકબ આપવામાં આવ્યો છે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) એ ઈલાહી જ્ઞાનોને ખૂબ જ વધારે ફેલાવ્યુ, ઈલ્મ અને જ્ઞાનના તરસ્યાઓને એહલેબૈત(અ.મુ.સ.)ની તાલીમાતથી તૃપ્ત કરી દીધા. આના લીધે આપ(અ.સ.) 'બાકિર' ના લકબથી મશ્હુર થયા.

હઝરત ઈમામ કાઝિમ(અ.સ.)થી હિલ્મ અને સહન-શક્તિ વધારે જાહેર થઈ. આથી આપ(અ.સ.) 'કાઝિમ' ના લકબથી મશ્હુર થયા અને હરગીઝ એવું નથી કે અન્ય અઈમ્મા(અ.મુ.સ.) કાઝિમ ન હતા. આ જ રીતે અન્ય લકબોમાં પણ છે.

બારમાં ઈમામ સાહેબુઝ્ઝમાન હઝરત વલીએ અસ્ર (અ.સ.)નો એક ખાસ લકબ 'મહદી' છે. 'મહદી' અરબી કાયદા મુજબ 'ઈસ્મે ફાઈલ' પણ છે અને 'ઈસ્મે મફઉલ' પણ છે. એટલે કે હિદાયત કરવાવાળા અને હિદાયત પામેલા. એ તો જાહેર વાત છે કે જે સંપૂર્ણ રીતે હિદાયત પામેલો હશે તે દરેક ક્ષેત્રમાં હિદાયત કરી શકે છે અને માર્ગદર્શનની ફરજો અંજામ આપી શકે છે. આ ખાસ લકબનો મતલબ એ છે કે હિદાયત આપની પવિત્ર ઝાતમાં સૌથી વધારે જાહેર થશે. કારણ કે આપના જ પુરનૂર ઝુહુરના ઝમાનામાં દુનિયાનો ખુણે ખુણો ઈલાહી હિદાયતથી ભરાઈ જશે, શીર્ક અને કુફ્રનું નામો નિશાન નહી હોય, ગુમરાહી અને ઝલાલત દૂર દૂર સુધી દેખાશે નહી, દુનિયાના તમામ ઈન્સાનો તૌહીદે ખુદાવંદી, રિસાલતે મોહમ્મદી અને વિલાયતે અલવી પર ભેગા થશે. આટલી બધી સર્વ સામાન્ય હિદાયત ઈમામે ઝમાના (અ.સ.)થી જોડાયેલી છે. ખુદાવંદે આલમે આ વિશ્વભર અને સર્વસામાન્ય હિદાયત માટે આપ(અ.સ.)ને બાકી રાખ્યા છે. આપ(અ.સ.)ની હિદાયતની શીદ્દતની એ હાલત છે કે ગૈબતના હજાર વરસોથી વધારે પસાર થઈ જવા પછી પણ હિદાયતનો સિલસિલો શરૂ છે. ગૈબત હિદાયતની રાહમાં રૂકાવટ નથી.

સુલૈમાન અઅમશે હઝરત ઈમામ સાદિક(અ.સ.)ને પુછ્યુઃ લોકો હુજ્જતે ગાએબથી કેવી રીતે લાભ ઉઠાવશે? ફરમાવ્યું:

> *''જેવી રીતે વાદળોમાં છૂપાયેલ સૂરજથી ફાયદો ઉપાડે છે.''*
>
> (મુન્તખબુલ અસ્ર, પાનાઃ ૩૩૬, હદીસઃ ૩)

એટલે કે ગૈબતના સમયમાં હઝરત ઈમામ મહદી(અ.સ.)થી ફાયદો મેળવવાનો રસ્તો બંધ નથી થયો. એ અલગ બાબત છે કે ઝુહુરના સમયે હિદાયતનો અંદાજ કંઈક અલગ જ હશે. ગૈબત અને ઝુહુરમાં એ જ ફર્ક છે જે વાદળ છાયો તડકો અને પુરે પુરી ધુપમાં હોય છે.

આમ તો પુરી કાએનાત હઝરત ઈમામ મહદી (અ.સ.)ની પવિત્ર ઝાતથી હિદાયત હાંસિલ કરી રહી છે, પરંતુ ખાસ કરીને ઈન્સાન આપની હિદાયતથી નસીબવંત થઈ રહ્યો છે. ઈમામ(અ.સ.)ની હિદાયત અને રેહનુમાઈ સામાન્ય

અને ખાસ પ્રચારકોની હિદાયત અને માર્ગદર્શનની જેવી નથી. આપની હિદાયતો જાહેરી નથી પરંતુ હકીકત અને વાસ્તવિક્તા પર આધારીત છે. આપ(અ.સ.)ની નજરોથી કોઇ પણ બાબત છુપી નથી. આપ(અ.સ.) લોકોના દિલોમાં પસાર થવાવાળા વિચારો અને હાલતોથી વાકીફ છે, ખુદાનું અતા કરેલુ ઇલ્મે ગૈબ જાણે છે. જરાક આ બનાવ પર ધ્યાન આપો અને જુઓ કે ઇમામ મહદી(અ.સ.) કેવી રીતે લોકોને હકીકતથી આગાહ કરે છે.

## હલાલ અને હરામમાં હિદાયત :

જનાબ શેખ સદુક(અ.ર.)એ સઅદ બીન અબ્દુલ્લાહ કુમ્મીથી આ રિવાયત વર્ણવી છેઃ

સઅદ બીન અબ્દુલ્લાહ કુમ્મી હઝરત ઇમામ હસન અસ્કરી(અ.સ.)ના બુઝુર્ગ અસ્હાબમાંથી હતા. તેઓ કહે છેઃ

ચાલીસ મુશ્કીલ સવાલો જમા કર્યા હતા જેનો જવાબ દેવાવાળુ કોઇ ન હતુ. તે સમયે જનાબ એહમદ બીન ઇસ્હાક કુમ્મી સામર્રા જઇ રહ્યા હતા. હું પણ તેમની સાથે થઇ ગયો. તેમણે મને ફરમાવ્યુઃ તમારી સફર સારી થાય, શા માટે આવ્યા? મેં કહ્યુઃ આપથી મુલાકાતના શૌખમાં અને આપથી સવાલોના જવાબો હાંસિલ કરવા માટે હાજર થયો છું. તેમણે કહ્યુઃ આપણા બન્નેનો એક જ હેતુ છે. હું અત્યારે મારા મૌલા હઝરત ઇમામ હસન અસ્કરી(અ.સ.)ની ઝિયારત માટે જઇ રહ્યો છું. તેમને સવાલોના જવાબ પુછવા ચાહુ છું અને આયતોની તફસીર અને તાવીલ માલુમ કરવા ચાહુ છું. તમે આ સફરમાં મારી સાથે રહો. તમે ઇલ્મ અને કમાલના એક સમંદરને જોશો, જેમના અજાએબાતનો કોઇ અંત નથી અને જેમના અમુલ્ય મોતીઓ ક્યારેય ફના થવાવાળા નથી. તે જ આપણા ઇમામ છે.

અમે લોકો સાથે સાથે સફર કરતા કરતા સામર્રા પહોંચી ગયા. ઇમામ(અ.સ.)ના પવિત્ર ઘર તરફ ગયા. ત્યાં પહોંચીને ઇજાઝત માંગી. પછી દાખલ થવાની ઇજાઝત મળી ગઇ. એહમદ બીન ઇસ્હાકની પાસે દિરહમ અને દિનારની ૧૬૦ થેલીઓ હતી. જેના પર તેમના માલિકોએ મોહર લગાવી હતી. (કોઇને પણ એ માલુમ ન હતુ કે આ થેલીઓમાં શું છે)

સઅદનુ બયાન છે કેઃ જ્યારે અમે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ની પવિત્ર ખિદમતમાં હાજર થયા, તેમનો નૂરાની ચેહરો પૂનમના ચાંદની જેમ રોશન અને મુનવ્વર હતો, તેમની ગોદમાં એક બાળક હતુ, જેમનુ સૌંદર્ય મુશ્તરી સિતારાથી વધારે હતુ, માથા પર વાળની દરમિયાન સેંથો એવી રીતે હતો જાણે બે 'વાવ'ની વચ્ચે 'અલીફ'.

ઇમામ(અ.સ.)ની સામે એક ગોળ વસ્તુ હતી જેના પર નંગ જડેલા હતા. જે બસરાના એ જ બુઝુર્ગે હદીયા તરીકે પેશ કરી હતી. ઇમામ(અ.સ.)ના મુબારક હાથમાં એક કલમ હતી અને આપ કંઇક લખી રહ્યા હતા. જ્યારે આપ લખવા ચાહતા હતા ત્યારે બાળક કલમને પકડી લેતા હતા. ઇમામ(અ.સ.) તે બોલને ઓરડાના એક ખુણામાં ફેંકી દેતા હતા. બાળક તેને લેવા માટે ચાલ્યુ જતુ અને ઇમામ(અ.સ.) લખવામાં મશગુલ થઇ જતા હતા.

અમે ઇમામ(અ.સ.)ની ખિદમતમાં સલામ કરી. ઇમામ(અ.સ.)એ ખૂબ જ મોહબ્બતથી જવાબ આપ્યો અને બેસવા માટે કહ્યુ અને લખવામાં મશગુલ થઇ ગયા. જ્યારે તેઓએ લખાણ લખી લીધુ, એહમદ બીન ઇસ્હાકે પૈસાની થેલીઓ ઇમામ(અ.સ.)ની ખિદમતમાં રજુ કરી. ઇમામ(અ.સ.)એ પોતાના વહાલા ફરઝંદને ફરમાવ્યુઃ

***નૂરે નઝર! આપણા દોસ્તો અને શીઆઓના તોહફા અને હદીયાઓ પર લાગેલી મહોરને ખોલો***

બાળકે કહ્યુઃ શું હું મારો પવિત્ર હાથ તે ગંદી-નાપાક અને હરામ તથા હલાલથી મિશ્ર માલની તરફ લંબાવુ?

ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુઃ

અય ફરઝંદે ઇસ્હાક! આ થેલામાંથી થેલીઓને બહાર

કાઢો જેથી મારો આ ફરઝંદ હલાલ અને હરામને એક-બીજાથી અલગ કરી દે

એહમદે ઇમામ(અ.સ.)ના હુકમ પ્રમાણે થેલીમાંથી એક થેલી કાઢી. બાળકે ફરમાવ્યુઃ

આ થેલી ફલાણા ઇબ્ને ફલાણાની છે જે આ મોહલ્લામાં રહે છે. તેમાં ૬૨ દિનાર એ કમરાની કિંમત છે જે તેના માલિકે વેચ્યો હતો, ૪૫ દિનાર તેને તેના પિતાના વારસા માંથી મળ્યા છે, ૧૪ દિનાર ૯ કપડાની કિંમત છે અને ૩ દિનાર દુકાનનું ભાડુ છે.

ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુઃ

***વહાલા દિકરા તમે સાચુ ફરમાવ્યુ હવે એ પણ બતાવી દયો તેમાં હરામ શું શું છે?***

બાળકે ફરમાવ્યુઃ

તેમાં બે સિક્કા હરામ છે. એક એ સિક્કો જે ફલાણા શહેરમાં બનાવવામાં આવ્યો તેની એક બાજુ એકદમ સાફ છે તે જુનો આમેલી સિક્કો છે અને તેનુ વઝ્ન ૪૧ દિનાર છે. તેને શોધો એ મળી જશે. તે હરામ હોવાનું કારણ એ છે કે તેના માલિકે આ વરસના આ મહિના માટે સવા કિલો કાચો દોરો વણવા માટે આપ્યો હતો. એક મુદ્દત પછી ચોર ચોરી કરીને લઇ ગયો. વણવા વાળાએ માલિકને બાબત જણાવી, પરંતુ તેણે કબુલ ન કર્યુ. પરંતુ તેને જુઠલાવ્યો અને તેની પાસેથી દોઢ કિલોની માંગણી કરી. પછી એ દોરાથી કપડા બનાવ્યા, કપડાની કિંમત આ બે દિનાર તે કપડાની કિંમત છે.

થેલી ખોલવામાં આવી. તેમાં એક કાગળ પર માલિકનું નામ અને રકમની વિગત લખેલી હતી. બધુ એજ રીતે હતુ જેમ તે બાળકે બયાન કર્યુ હતુ.

બીજી થેલી સામે લાવવામાં આવી. તેને જોઇને બાળકે ફરમાવ્યુઃ

આ ફલાણા ઇબ્ને ફલાણાની થેલી છે. આ શખ્સ કુમના આ મોહલ્લામાં રહે છે. તેમાં ૫૦ દિનાર છે, પરંતુ હું તેને હાથ નથી લગાવી શકતો. તેનુ કારણ પુછવામાં આવ્યુ. ફરમાવ્યુઃ

આ રકમ એ ઘઉંની કિંમત છે જેમાં માલિકે ખેડુત પર ઝુલ્મ કર્યો છે. તેણે પોતાનો હિસ્સો સાચા માપ પ્રમાણે વજન કરીને લીધો છે, જ્યારે કે ખેડુતનો હિસ્સો ખામી વાળા માપથી વજન કરીને ઓછો આપ્યો છે.

હઝરત ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ ફરમાવ્યુઃ

***વહાલા ફરઝંદ તમે સાચુ ફરમાવ્યુ છે. અય એહમદ બીન ઇસ્હાક આ તમામ પૈસાઓ તેના માલિકોને પાછા આપી દો, અમને તેની કોઇ જરૂરત નથી***

(કમાલુદ્દીન, પાનાઃ ૪૮૦)

આ વાકેઆ પર વિચાર કરવાથી અમુક બોધ દાયક બાબતો નજર સમક્ષ આવે છેઃ

(૧) સાદ બીન અબ્દુલ્લાહ કુમ્મી અને એહમદ બીન ઇસ્હાક કુમ્મીએ હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ને બચપણમાં જોયા. પવિત્ર ચેહરો ચૌદમીના ચંદ્ર જેવો નૂરાની હતો, બાળપણની અદાઓ ખૂબ જ ગમી જાય તેવી હતી, પરંતુ ખુદાના અતા કરેલા ઇલ્મે ગૈબથી તમામ રહસ્યો અને છુપી બાબતો પર નજર હતી. બંધ થેલીના તમામ સિક્કાઓ પોતાની તમામ હકીકતોની સાથે તેમની સામે હતા.

(૨) ઇમામ(અ.સ.)ની ખિદમતમાં હદીયો અને તોહફો, નઝર અને નિયાઝ પેશ કરવા પહેલા એ વાત પર ખાસ ધ્યાન દેવુ જરૂરી છે કે તે એટલા પવિત્ર અને પાક હોય કે ઇમામ તેને કબુલ કરી લે અને પોતાનો પવિત્ર હાથ તેના પર રાખે, નહિતર હલાલ અને હરામથી અપવિત્ર અને નાપાક હદીયો ઇમામ (અ.સ.)ની બારગાહમાં હરગીઝ કબુલ નહી થાય, બલ્કે રદ કરી દેવામાં આવશે.

(૩) વેપાર કરીને નફો હાસિલ કરવો એ કમાલની વાત

નથી પરંતુ એ વાતનો કાયદેસર રીતે ખ્યાલ રાખવો જોઇએ કે આ વેપારમાં કોઇ ચીજ નાજાએઝ તો નથી ને. માપ તોલ અને લેવા દેવામાં એ વાતનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ. ક્યાંક આપણે આપણા ભાગીદારને ઓછુ તો નથી આપતા ને? તે ઓછુ આપવુ ભલે પછી એકદમ મામુલી કેમ ન હોય. આપણે તેના તરફ ધ્યાન આપીએ કે ન આપીએ પણ ઇમામ(અ.સ.) તેનાથી ચોક્કસ વાકિફ છે.

(૪) દોરાનો માલિક એ વાત કબુલ કરવા તૈયાર નથી કે દોરો ચોરી થઇ ગયો. ઇસ્લામી કાનૂન એ છે કે અગર અમાનતદારની પાસેથી અમાનત ચોરી થઇ જાય અને અમાનતદારે તેની કાળજી રાખવામાં કોઇ બેદરકારી ન રાખી હોય તો તે જવાબદાર નથી. પરંતુ અહી માલિક વાત કબુલ કરવા માટે તૈયાર નથી. તે વણકર પાસેથી દંડ વસુલ કરે છે. સવા કિલોની બદલે દોઢ કિલો વસુલ કરે છે. પછી તેમાંથી બનેલ કપડુ વેચીને તેની રકમ ઇમામ(અ.સ.)ની ખિદમતમાં હદીયા તરીકે મોકલે છે. ઇમામ(અ.સ.) તેને કબુલ કરવુ તો એક તરફ તેને હાથ પણ નથી લગાડતા. જ્યારે કે દીને ઇસ્લામમાં હદીયો કબુલ કરવાની તાકિદ કરવામાં આવી છે અને હદીયો દેવો મુસ્તહબ છે. તેનાથી દોસ્તી અને સંબંધમાં વધારો થાય છે. પરંતુ ઇમામતનો મિજાઝ આ હદીયાને કબુલ કરવા માટે તૈયાર નથી કે જેમાં હરામનો સમાવેશ હોય.

**આ વાકેઓ આપણા સૌ માટે હિદાયતનો ચિરાગ છે. અગર આપણે દીની કાર્યોમાં કંઇક આપી રહ્યા છીએ. મસ્જીદ, ઇમામ બારગાહ, મદ્રેસા..... વિગેરેની તામીર કરાવી રહ્યા છીએ અથવા કોઇ ગરીબ અને જરૂરતમંદની મદદ કરી રહ્યા છીએ તો આ તમામ બાબતો એ સમયે કબુલ થશે જ્યારે તેમાં હરામ જરાય શામિલ ન હોય અને એ તો જાહેર બાબત છે કે જે ચીજને ઇમામ(અ.સ.) કબુલ ન કરે તેને ખુદા કેવી રીતે કબુલ કરશે કારણ કે ઇમામ જ ખુદા સુધી પહોંચવાનો દરવાજો છે.**

(૫) તે પચાસ દિનાર જે ઘઉંની કિંમત હતી તેને ઇમામ(અ.સ.)એ એટલા માટે કબુલ ન કરી કે એક ભાગીદારે પોતાનો હિસ્સો પૂરેપૂરો સહીહ રીતે માપીને લઇ લીધો અને બીજા ભાગીદારનો હિસ્સો ખામીવાળા વજનીયાથી માપીને આપ્યો હતો. ઇમામ(અ.સ.)એ બયાન નથી ફરમાવ્યુ કે કેટલુ ઓછુ હતુ પરંતુ ઓછુ આપવાના લીધે રદ કરી દીધુ. એ આ હકીકત તરફ ઇશારો કરી રહ્યુ છે કે ભાગીદારીમાં હિસ્સો વહેંચતી વખતે જરાયે પણ ઓછુ દેવુ જોઇએ નહી. એ વાતનો ખ્યાલ રાખવો જોઇએ કે આપણા માથા પર કોઇનો હક નીકળતો ન હોય.

જ્યારે કે આજના માહોલમાં દરેક ભાગીદાર પોતાના હિસ્સાને વધારેમાં વધારે હાસિલ કરવાની કોશિશ કરે છે અને આ વધારે હાસિલ કરવાને પોતાની હોશિયારી અને સુજ-બુજ ગણાવે છે. જ્યારે કે આ સુજ-બુજ અને હોશિયારી નથી બલ્કે જેહાલત અને બેવકુફી છે. જે ચીજને ઇમામ(અ.સ.) હાથ પણ ન લગાડે એ હોશિયારી ક્યાથી હોઇ શકે. હોશિયારી અને સુજ-બુજનો તકાઝો એ છે કે પોતાના માલને હરામની નજાસતોથી એટલો બધો પાક રાખે કે જ્યારે ઇમામ (અ.સ.)ની ખિદમતમાં હદીયા તરીકે પેશ કરવામાં આવે તો ઇમામ(અ.સ.) તેને કબુલ કરી લે.

## સવાલોના જવાબો :

જ. શૈખ તુસી(ર.અ.) એ મોહમ્મદ બીન ઇબ્રાહીમ બીન ઇસ્હાક તાલેકાનીથી આ વાકેઓ વર્ણન કર્યો છેઃ

હું અમૂક લોકોની સાથે ત્રીજા નાએબે ખાસ જનાબ અબુલ કાસિમ હુસૈન બીન રવ્હની ખિદમતમાં હાજર હતો. એક શખ્સે ઉભા થઇને આ સવાલ કર્યોઃ

શું ઇમામ હુસૈન(અ.સ.) ખુદાના વલી નથી? ફરમાવ્યુઃ બેશક વલી છે.

શું તેમનો મલઉન કાતિલ ખુદાનો દુશ્મન નથી?

ફરમાવ્યુઃ બેશક ખુદાનો દુશ્મન છે.

તો કહ્યુ શું એ યોગ્ય છે કે ખુદાવંદે આલમ પોતાના વલી ઉપર પોતાના દુશ્મનને વર્ચસ્વ આપે?

જનાબ અબુલ કાસિમ હુસૈન બીન રવ્હએ ફરમાવ્યુઃ જે બયાન કરી રહ્યો છુ તેને ખૂબ ધ્યાનથી સાંભળો.

ખુદાવંદે આલમ જાહેરમાં ખુલ્લી રીતે લોકોની સાથે વાતચીત નથી કરતો. ખુદાવંદે આલમે લોકોમાં અંબિયા (અ.મુ.સ.)ને નિયુક્ત કર્યા. અગર તે અન્ય શકલો સુરતમાં મોકલતે તો લોકો તેઓથી દૂરી અપનાવતે અને તેઓને કબુલ ન કરતે. જ્યારે અંબિયા (અ.મુ.સ.) તશરીફ લાવ્યા તો તેઓની જેમ ખાવાનુ ખાતા, તેઓની જેમ બઝારો અને રસ્તાઓમાં ચાલતા હતા. લોકો તેમને કેહતા હતા કે ''તમે તો બસ અમારી જેમ છો'' અમે તમારી વાતોને કબુલ નહી કરીશુ સિવાય એ કે તમે એવો કોઇ મોઅજીઝો દેખાડો જે અમે ન કરી શકીએ. જેથી અમને એ યકીન થઇ જાય કે તમને એ કુદરત અને તાકત હાસિલ છે જે અમારી પાસે નથી. આથી અલ્લાહે પોતાના નબીઓ અને રસુલોને એવા મોઅજીઝા અતા કર્યા જે લોકોની શક્તિની બહાર હતા.

અમુક અંબિયા (જ. નૂહ અ.સ.) એક લાંબી તબ્લીગ અને સાબિતિઓ તથા મોઅજીઝા રજુ કર્યા પછી તુફાન લાવ્યા જેમાં તમામ સરકશ લોકો ડુબી ગયા. અમુક નબીઓ (જ. ઇબ્રાહીમ અ.સ.)ને આગમાં ફેંકી દેવામાં આવ્યા પરંતુ તેઓ તેમાંથી સહી સલામત બહાર આવ્યા. અમુક નબી (જ. સાલેહ અ.સ.)ના માટે પહાડમાં ઉંટણી નીકળી જેમાંથી દુધ નીકળતુ હતુ. અમુક નબી (જ. મુસા અ.સ.)ના માટે દરિયામાં રસ્તો બનાવવામાં આવ્યો, પથ્થરમાંથી પાણી કાઢવામાં આવ્યુ, સુકી લાકડી અજગરમાં બદલાઇ ગઇ અને જે કાંઇ લોકોએ તૈયાર કર્યુ હતુ તેને ગળી ગયો. અમુક (જ. ઇસા અ.સ.) જન્મજાત આંધળાઓને દેખતા અને મુર્દાઓને ખુદાના હુકમથી જીવતા કરતા હતા અને તેમના ઘરોમાં સંગ્રહાયેલી વસ્તુઓની ખબર આપતા હતા. અમુક (હઝરત મોહમ્મદે મુસ્તફા(સ.અ.વ.)ના માટે ચાંદના બે ટુકડા થયા, જાનવરોએ, ઉંટ અને ચિત્તાએ તેમની સાથે વાતચીત કરી. જ્યારે લોકોએ આવા મોઅજીઝાઓ જોયા અને તેની જેવા લાવી ન શક્યા અને પોતાની લાચારીનો એહસાસ કરવા લાગ્યા, તે સમયે ખુદાવંદે આલમની તકદીર, લુત્ફ અને હિકમતનો તકાઝો એ થયો કે અંબિયા ક્યારેક ગાલિબ થયા તો ક્યારેક મગ્લુબ થયા. ક્યારેક વિજયી અને કામ્યાબ થયા તો ક્યારેક દબાણમાં રહ્યા. અગર ખુદાવંદે આલમ તેઓને હંમેશા ગાલિબ, વિજયી અને કામ્યાબ બનાવત અને તેમને કોઇ ઇમ્તેહાન અને આઝમાઇશમાં ગિરફતાર ન કરત તો લોકો ખુદાની બદલે તેઓની ઇબાદત કરવા લાગત અને તેઓની પુજા તથા પરસ્તીશ કરવા લાગી જતે. ઇમ્તેહાન અને પરિક્ષામાં તેઓની સાબિત કદમી અને મજબુતાઇ સ્પષ્ટ ન થતે.

ખુદાવંદે આલમે પોતાના અંબિયા(અ.મુ.સ.)ની હાલતો બીજા લોકો જેવી બનાવી, જેથી તેઓ ઇમ્તેહાન અને આઝમાઇશ અને બલામાં સબ્રથી કામ લેય અને સલામતી, આફીયત અને કામ્યાબી માટે ખુદાનો શુક્ર અદા કરે. જીંદગીના દરેક ઉતાર ચડાવમાં નમ્રતા અને તવાઝોઅ વાળો સ્વાભાવ રાખે. તકબ્બુર અને અભિમાન ન કરે. જેથી લોકોને એ વાતનું યકીન થઇ જાય કે તેમના કાર્યોનો માલિક અને મુખ્તાર ખુદા છે. જેથી ખુદાની ઇબાદત કરે અને તેના નબીઓની ઇતાઅત કરે અને તેઓને ખુદાની હુજ્જત માને અને એ લોકોની જેમ ન બની જાય જે પોતાની હદને ઓળંગીને તેમની રૂબુબીય્યત અને ખુદાઇના માનવાવાળા થઇ ગયા. અંબિયા(અ.મુ.સ.)ના લાવેલા પૈગામોના મુન્કીર થઇ ગયા, તેઓના વિરોધી થઇ ગયા. આ બધુ એટલા માટે ખુદા ચાહે છે કે જે હલાક થાય, ગુમરાહ થાય તે હક અને બાતિલની કાયદેસર સ્પષ્ટતા થયા બાદ, હુજ્જત તમામ થયા બાદ થાય અને જે જીવતા રહે, હિદાયત પામેલા રહે તે બસીરત અને બીનાઇની સાથે હિદાયત પામેલા રહે.

મોહમ્મદ બીન ઇબ્રાહીમનું બયાન છે કે બીજા દિવસે ફરી જનાબ અબુલ કાસિમ હુસૈન બીન રવ્હની ખિદમતમાં હાજર

થયો અને મારા દિલમાં વિચારી રહ્યો હતો કે કાલે જે જવાબ આપ્યો હતો તે શું તેઓએ પોતાના તરફથી આપ્યો હતો કે આકા ઇમામે ઝમાના(અ.સ.)ની તરફથી હતો? મેં હજી કાંઇ વાત કરી ન હતી, કાંઇ કહ્યુ પણ ન હતુ. તેઓએ મારી તરફ જોઇને કહ્યુઃ

***અય મોહમ્મદ બીન ઇબ્રાહીમ! અગર આસમાનમાંથી પડી જાઉ અને પક્ષીઓ મારી લાશને લઇ જાય અથવા તુફાન મને દૂર ફેંકી દે તો મારા માટે આ વાત વધારે પસંદીદા છે, એના કરતા કે હું ખુદાના દીનના વિશે મારા તરફથી કોઇ વાત બયાન કરૂ. મેં જે બાબત ગઇ કાલે બયાન કરી હતી તે બધી વાતની સનદ છે અને હઝરતે હુજ્જતથી સાંભળ્યુ છે.***

(ગૈબતે શૈખ તુસી, પાનાઃ ૩૨૪, હદીસઃ ૨૭૩)

(૧) દીનના બારામાં પોતાના તરફથી કાંઇ બયાન કરવુ જોઇએ નહી. બલ્કે દીનના બારામાં આપણી ચર્ચા અઇમ્મએ માસુમીન(અ.મુ.સ.)ની હદીસોની રોશનીમાં હોવી જોઇએ.

(૨) બલા અને આઝમાઇશોમાં ગિરફતાર થવુ એ વાતની દલીલ નથી કે ખુદા તેનાથી નારાજ છે.

(૩) એજ રીતે અગર કોઇ આસાની અને આરામમાં છે, તો તેનો મતલબ એ નથી કે ખુદા તેનાથી રાજી છે.

(૪) અંબિયા(અ.મુ.સ.)ના મોઅજીઝાઓ અને તેમની અસાધારણ કુદરત અને તાકતથી લોકો એટલા બધા પ્રભાવિત થઇ જાતા કે તેઓને ખુદા સમજતા હતા અને તેઓની ઇબાદત તથા પરસ્તીશ કરવા લાગતા. તૌહીદની દાવત દેવાવાળાઓને ખુદા સમજવા લાગતા.

(૫) પોતાના બંદાઓ પર ખુદાની બેપનાહ રેહમત અને શફકત, હીકમત અને તદબીરનો તકાઝો થયો. અમૂક નબીઓ અને અવલીયા મુસીબતો અને બલાઓમાં ગિરફતાર થયા. જેથી લોકો ગુમરાહીથી મેહફુઝ રહે અને અંબિયા તથા અવલીયાઓને ખુદા ન સમજે.

(૬) બેપનાહ કુદરત અને તાકત હોવા છતા ખુદાની મસ્લેહતોની સામે અંબિયાઓનુ તસ્લીમ થઇ જવુ અને બલાઓ પર સાબિર રહેવુ લોકોના માટે બોધદાયક છે અને ખુદાની રાહમાં અંબિયા(અ.મુ.સ.) અને અવલીયા(અ.મુ.સ.)ની સાબિત કદમી પણ લોકોના માટે નમૂનએ અમલ છે.

(૭) કુદરત અને તાકાત અભિમાન અને ઘમંડનો સબબ ન થાય, બલ્કે ખુદાની બારગાહમાં વધુ નમ્રતા અને ઇન્કેસારીનો સબબ બને.

(૮) લોકોનુ હિદાયત પામેલા હોવુ અથવા ગુમરાહ હોવુ એ સ્પષ્ટ દલીલોના બાદ થાય, જેથી આ હિદાયત અને ગુમરાહી તેઓનુ ઇખ્તેયારી કાર્ય ગણાય અને આ ઇખ્તેયારના લીધે જન્નત અને જહન્નમના હકદાર બને અને કોઇ એમ ન કહી શકે કે અગર બાબત સ્પષ્ટ થઇ જાત તો અમે ગુમરાહ ન થાત.

(૯) જનાબ હુસૈન બીન રવ્હનુ આ ફરમાવવુ કે આ વાત મેં મારા તરફથી બયાન નથી કરી એ હકીકત તરફ ઇશારો છે કે ઇમામે ઝમાના(અ.સ.) આપણી તમામ બાબતોથી વાકિફ છે. આપણી દરેક વાત પર તેમની નજર છે અને આપ પોતાના દોસ્તો અને પ્રતિનિધિઓને સવાલોના મુકાબલામાં લા જવાબ રહેવા નથી દેતા, પરંતુ તેઓની મદદ કરતા રહે છે.

(૧૦) અગર આપણે કોઇ બલા અથવા મુસીબતમાં ગિરફતાર થઇએ તો તેને મસ્લેહતે ખુદા સમજીને સબ્ર કરવી જોઇએ, અડગતાથી તેને સહન કરવું જોઇએ, તાકત અને શક્તિની હાલતમાં નમ્રતા અને ઇન્કેસારી પૂર્વક વર્તન કરવુ જોઇએ, દીન પર થવાવાળા વાંધાઓ, સવાલો અને શંકાઓથી ગભરાવવુ ન જોઇએ, ઇમામે ઝમાના(અ.સ.) પર ભરોસો રાખવો જોઇએ અને તેઓની પવિત્ર બારગાહમાં ખુલુસ્તા પૂર્વક જવાબ માટે ભલામણ કરવી જોઇએ અને પોતાના કાર્યો અને કથનો પર, હાલ-ચાલ અને બેઠક પર ઇમામે ઝમાના(અ.સ.)ને હાઝીર અને જોનાર જાણવા જોઇએ.

---ooo---

# હઝરત વલીએ અસ્ર(અ.સ.)ને થોડા સવાલો

આ શીર્ષક જોઇને મનમાં એ પ્રશ્ન થાય કે ઇમામે ઝમાના (અ.સ.)ની સાથે ક્યાં મુલાકાત થઇ અને કેવી રીતે આપની સાથે પ્રશ્નોત્તરી કરવાની તક મળી. તેથી આ વાત પહેલેથી જ સ્પષ્ટ કરી દઇએ કે હઝરત ઇમામે ઝમાના (અ.સ.) સાથે અમારી સીધી કોઇ મુલાકાત થઇ નથી. કહે છે કે સંદેશો અને પત્ર વ્યવહાર અડધી મુલાકાત છે. પત્ર દ્વારા વ્યક્તિએ જેને સંબોધન કર્યુ હોય તેની સાથે વાતચીત કરે છે. તેથી પત્રનો અંદાઝ અને વિગત પુસ્તકના અંદાઝથી જુદો હોય છે. હઝરત વલીએ અસ્ર(અ.સ.) ખુદાવંદે આલમના હુકમથી શરૂઆતથી જ ગયબતમાં છે. તેથી આપને લોકોની સાથે સીધો અને રૂબરૂ વાતનો મોકો ઓછો મળ્યો છે. મોટા ભાગના પ્રશ્નો પત્ર અને અરજીઓની શકલમાં આપની પવિત્ર સેવામાં રજુ કરવામાં આવ્યા છે. આપે પત્ર દ્વારા તેના જવાબો મોકલ્યા છે. હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ના પત્રોને પારિભાષીક રીતે 'તવકીઅ' કહેવાય છે. આ તવકીઓ જુદા જુદા પુસ્તકમાં મવજુદ છે. હઝરત આયતુલ્લાહ સય્યદ હસન શીરાઝી (તાબ સરાહે)એ આ 'તવકીઅ'ને 'કલેમતુલ ઇમામ મહદી' નામના પુસ્તકોમાં જુદા જુદા પુસ્તકોના હવાલાથી ભેગી કરી છે. મુળ પુસ્તક અરબીમાં છે. ડો. સય્યદ હસન સબઝવારીએ આ પુસ્તકનો ફારસી તરજુમો આ જ નામથી કર્યો છે. નીચે જે સવાલ/જવાબ રજૂ કરવામાં આવ્યા છે તે હઝરત વલીએ અસ્ર(અ.સ.)ની જુદી જુદી તવકીઓમાંથી લેવામાં આવ્યા છે. તેથી હઝરત વલીએ અસ્ર(અ.સ.)ની તવકીઓ દ્વારા આપની સાથે આ અડધી મુલાકાત છે, જે આપની સમક્ષ રજૂ કરવામાં આવી રહી છે. ખુદા કરે કે આ પ્રયત્ન હઝરતની પવિત્ર બારગાહમાં સ્વિકારાય. આમીન-એ દિવસની પ્રતિક્ષા છે, જ્યારે હઝરત(અ.સ.) સાથે રૂબરૂમાં થએલ વાતચીત રજૂ કરી શકીએઃ

**સવાલઃ૧ ગયબતના સમય દરમ્યાન આપનો મુકામ ક્યાં રહે છે?**

જવાબઃ૧ ''હાલમાં ઝાલિમોની વસ્તીથી દૂર જીવન વિતાવી રહ્યા છીએ. જ્યાં સુધી દુનિયાની હુકુમત ઝાલિમો અને અત્યાચારીઓના હાથમાં છે ત્યાં સુધી. ખુદાવંદે આલમે અમારા અને અમારા ઇમાનદાર શીયાઓ માટે તેમાંજ મસ્લેહત ગણી છે કે અમે દૂર રહીએ. તેમ છતાં તમારી દરેક બાબત જાણીએ છીએ'' (પાનાઃ ૧૯૦) ''હાલમાં અજાણ્યા પહાડોના શીખર ઉપર છીએ. બાગોથી ઘેરાયેલી જગ્યા છે, અહીં આવવાનું બેઇમાન વ્યક્તિઓના કારણે થયું. ટૂંક સમયમાં અહીથી સપાટ જગ્યા ઉપર ચાલ્યા જશું જે વસ્તીથી વધુ દૂર ન હોય'' (પાનાઃ ૧૯૬-૧૯૮)

**સવાલઃ૨ શીયાઓ ઉપર મુસીબતો અને બલાઓ ઉતરે છે તેનું કારણ શું છે?**

જવાબઃ૨ ''તેનું એક કારણ એ છે કે અગાઉના લોકો જે કાર્યોથી દૂર રહેતા હતા અને પરહેઝ કરતા હતા, આ લોકો એ જ કાર્યો કરી રહ્યા છે. આ લોકોએ ખુદાના વચન અને વાયદાને એવી રીતે પીઠ પાછળ નાખી દીધા છે જેવી રીતે કે તેઓ જાણતા જ ન હોય'' (પાનાઃ ૧૯૦) ''જો અમારૂ વાલીપણું અને રક્ષણ ન હોતે તો બલાઓ દરેક બાજુએથી તુટી પડતે અને દુશ્મનો તમને ઉખેડી નાખતે'' (પાનાઃ ૧૯૦) (આથી એ સ્પષ્ટ થાય છે કે ઘણી બલાઓ હઝરત પોતાની બરકતથી દૂર કરી દે છે. નહિ તો પરિસ્થિતી કાંઇક જુદી જ હોત)

**સવાલઃ૩ આ આખર ઝમાનામાં ફિત્ના અને ફસાદથી સુરક્ષીત રેહવાનો કયો માર્ગ છે?**

જવાબઃ૩ ''તકવા અને પરહેઝગારી. હું એ વ્યક્તિની મુક્તિનો જામીન છું જે આ ફિત્નામાં પોતાના માટે કોઇ પણ સન્માન કે સ્થાનની ઇચ્છા ન ધરાવતો હોય'' (પાનાઃ ૧૯૦) ''દીનના બીરાદરોમાં જે ખુદાનો ખૌફ રાખશે, તેના માથે જે હક્ક છે તેને હકદાર સુધી પહોંચાડશે તે ફિત્નાથી સુરક્ષીત રહેશે. જે વ્યક્તિ અલ્લાહે આપેલી નેઅમતોને બીજા સુધી પહોંચાડવામાં લોભ કરશે તે આખેરતમાં નુકશાન ઉઠાવનારાઓમાંથી હશે'' (પાનાઃ ૧૯૮-૨૦૦)

**સવાલઃ૪ ગયબતના સમય દરમ્યાન અમારી શું જવાબદારીઓ છે?**

જવાબઃ૪ ''એવા કાર્યો કરો જે તમને અમારી મોહબ્બતથી નઝદીક કરે અને અમારી નાપસંદ ચીજોથી દૂર રહો'' (પાનાઃ ૧૯૨)

**સવાલઃ૫ આપની સાથે મુલાકાત થઇ શકે?**

જવાબઃ૫ ''જો અમારા શીયા (ખુદા તેઓને તાબેદારીને તવફીક આપે) એક દિલ થઇને વચન અને વાયદાને પૂરા કરતે તો અમારી બરકતભરી મુલાકાતમાં વિલંબ ન થતે. અમારા દીદારની સઆદત (ખુશબખ્તી) તેઓને જલ્દી નસીબ થતે. જે બાબતે અમને તેમનાથી દૂર કરી દીધા છે, હકીકતમાં તે બાબતો છે, જે અમે તેમનાથી પસંદ નથી કરતા'' (પાનાઃ ૨૦૦)

**સવાલઃ૬ શયતાનને કેવી રીતે અપમાનીત અને બદનામ કરી શકીએ?**

જવાબઃ૬ ''અવ્વલ વખતમાં નમાઝ અદા કરવી, શયતાનને અપમાનીત અને બદનામ કરી દે છે'' (પાનાઃ ૨૦૨)

**સવાલઃ૭ જે વસ્તુ આપના માટે વકફ કરવામાં આવી છે, શું તેનો વ્યક્તિગત કામમાં ઉપયોગ થઇ શકે?**

જવાબઃ૭ ''જો તે વસ્તુની સોંપણી અમને કરી દેવામાં આવી હોય તો પછી તેના ઉપર કોઇનો ઇખ્તેયાર નથી. પછી ભલે દેનારને તેની જરૂરત હોય કે ન હોય'' (પાનાઃ ૨૦૨)

**સવાલઃ૮ જે લોકો આપની વસ્તુઓનો ઉપયોગ પોતાના માટે કરે છે તેના બારામાં આપ શું ફરમાવો છો?**

જવાબઃ૮ ''કોઇના માલનો તેની પરવાનગી વગર ઉપયોગ કરવો હરામ છે. તેથી જે લોકો અમારા માલને હલાલ સમજીને ખાઇ રહ્યા છે, તેઓ પોતાના પેટમાં આગ ભરી રહ્યા છે અને તેઓને ટૂંક સમયમાં જહન્નમમાં નાખવામાં આવશે'' (પાનાઃ ૨૦૬, ૩૪૨, ૩૪૪)

**સવાલઃ૯ જો ચીત્ર અથવા આગ સામે હોય તો નમાઝ પઢી શકાય?**

જવાબઃ૯ ''જે લોકો મુર્તીપુજક કે આગ પુજકની ઔલાદ-માંથી નથી તેઓના માટે જાએઝ છે'' (પાનાઃ ૨૦૪)

**સવાલઃ૧૦ નમાઝમાં કઇ સુરા પઢવી વધુ બેહતર છે?**

જવાબઃ૧૦ ''જે માણસ નમાઝમાં સુરા ''ઇન્ના અન્ઝલ્નાહો ફી લય્લતીલ્ કદ્ર'' નથી પડતો તેની નમાઝ કઇ રીતે કબુલ થાય? જે સુરા ''કુલ્ હો વલ્લાહો અહદ'' નથી પઢતો તેની નમાઝ પાકીઝા નથી''

**સવાલઃ૧૧ રિવાયતોમાં બીજા સુરાઓનો સવાબ પણ લખેલો છે. જેમ કે કોઇ સુરા 'હોમઝત' પઢે તો તેને દુનિયાની બરાબર સવાબ મળશે**

જવાબઃ૧૧ ''રિવાયતમાં જે સવાબ લખેલો છે તે તેને મળશે. પરંતુ જે કોઇ બીજા સુરાઓને છોડીને ''ઇન્ના અન્ઝલ્નાહો ફી લય્લતીલ્ કદ્ર'' પઢે અને ''કુલ્ હો વલ્લાહો અહદ'' પઢે તેને તે સુરાઓનો સવાબ પણ આપવામાં આવશે.

તે બીજા સુરાઓ પણ પઢી શકે છે. અલબત્ત ફઝીલતને છોડી દેશે'' (પાનાઃ ૨૧૪-૨૧૬)

**સવાલઃ૧૨ તે માણસ કે જેની કમાણી હરામની છે તેને ત્યાં ખાવું પીવું અને તેનાથી માલ લેવો કેવો છે?**

જવાબઃ૧૨ ''જો હરામની સિવાય રોઝીના બીજા પણ સાધનો હોય તો તેને ત્યાં ખાવું પીવું અને માલ લેવો હરામ નથી. જો હરામની સિવાય બીજી કોઇ હલાલની કમાણી નથી, તો હરામ છે''

**સવાલઃ૧૩ નમાઝ શરૂ કરતી વખતે ખુદાની બારગાહમાં કેવી રીતે ધ્યાન કેન્દ્રીત કરવું?**

જવાબઃ૧૩ ''તાકીદ ભરેલી સુન્નત છે કે આ રીતે ધ્યાન કેન્દ્રીત કરેઃ ''વજ્જહ્તો વજ્હીય લિલ્લઝી ફતરસ્ સમાવાતે વલ્ અર્ઝ હનીફન્ મુસ્લેમન્ અલા મિલ્લતે ઇબ્રાહિમ વ દીને મોહમ્મદીન્ વ હદીયે અમીરીલ્ મોઅ્મેનીન વમા અના મેનલ્ મુશ્રેકીન ઇન્ન સલાતી વ નોસોકી વ મહયાય વ મમાતી લિલ્લાહે રબ્બીલ આલમીન લા શરીક લહુ વ બે ઝાલેક ઓમીર્તો વ અના મેનલ્ મુસ્લેમીન. અલ્લાહુમ્મજ્ અલ્ની મેનલ્ મુસ્લેમીન - અઉઝો બિલ્લાહીસ્સમીઇલ અલીમે મેનશ્ શયતાનીર્ રજીમે'' તે પછી બિસ્મીલ્લા હિર્રહમા નીર્રહીમ કહે અને સુરા અલ્ હમ્દની તિલાવત કરે'' (પાનાઃ ૨૩૦)

**સવાલઃ૧૪ વાજીબ નમાઝ પછી શુક્રનો સજ્દો કરવાનો શું હુકમ છે?**

જવાબઃ૧૪ ''સજ્દો વાજીબ સુન્નતોમાં છે. તેની ઘણી તાકીદ કરવામાં આવી છે. જેવી રીતે વાજીબને સુન્નત ઉપર અગ્રતા મળેલી છે તેવી જ રીતે વાજીબ નમાઝ પછી શુક્રના સજ્દાહને મુસ્તહબ નમાઝ પછીના શુક્રના સજ્દાહ ઉપર અગ્રતા મળેલી છે'' (પાનાઃ ૨૩૨-૨૩૪)

**સવાલઃ૧૫ શું જન્નતમાં મોઅમીનોને ત્યાં બાળક પૈદા થશે?**

જવાબઃ૧૫ ''જન્નતમાં ન સ્ત્રીઓ ગર્ભ ધારણ કરશે ન તો માસિક સ્ત્રાવમાં સપડાશે. જન્નતમાં તો બસ એ વસ્તુઓ નસીબ થશે જેનાથી આંખો અને દિલને મજા પ્રાપ્ત થાય'' (પાનાઃ ૨૪૦)

**સવાલઃ૧૬ શું ખાકે શફા કબરમાં રાખી શકાય?**

જવાબઃ૧૬ ''હા, રાખી શકાય. ખુદાના હુકમથી કફનના દોરા ખાકે શફા સાથે ભળી જાય છે'' (પાનાઃ ૨૪૪)

**સવાલઃ૧૭ શું ખાકે શફાથી તસ્બીહ બનાવી શકાય?**

જવાબઃ૧૭ ''તસ્બીહ માટે તે સિવાયની કોઇ વસ્તુ પાત્ર નથી. તેના ફઝાએલમાં છે કે ઘણી વખત માણસ તસ્બીહ પઢવાનું ભુલી જાય છે અને માત્ર તસ્બીહના દાણા ફેરવ્યા કરે છે, તો તેને એ વખતે તસ્બીહ પઢવાનો સવાબ મળે છે'' (પાનાઃ ૨૪૪)

**સવાલઃ૧૮ શું ખાકે શફા ઉપર સજ્દાહ કરી શકાય?**

જવાબઃ૧૮ ''ખાકે શફા ઉપર સજ્દો કરવો જાએઝ છે અને ફઝીલતનું કારણ છે'' (પાનાઃ ૨૪૪)

**સવાલઃ૧૯ શું માઅસુમીન(અ.મુ.સ.)ની કબરો ઉપર સજ્દો કરી શકાય?**

જવાબઃ૧૯ ''કબરો ઉપર સજ્દો ન કરવો જોઇએ. અલબત્ત ચેહરાને કબર ઉપર ઘસી શકાય છે. કબરની સામે નમાજ પઢવામાં કોઇ વાંધો નથી'' (પાનાઃ ૨૪૬)

**સવાલઃ૨૦ તે લોકોના બારામાં આપનું શું માનવું છે જે એહલેબૈત(અ.મુ.સ.)ની શાનમાં હદ વટાવી જાય છે અને તેઓને ખુદાનો દરજ્જો આપે છે?**

જવાબઃ૨૦ ‘‘અમે અને અમારા તમામ બાપદાદાઓ હઝરત આદમ(અ.સ.)થી લઇને હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) સુધી સૌ કોઇ ખુદાના બંદા છીએ’’

‘‘અમને તો તે શીયાઓથી તકલીફ પહોંચે છે જે ઓછી અક્કલવાળા છે અને જેનો દીન મચ્છરની પાંખ જેટલો પણ નથી’’

‘‘અમે એ તમામ લોકોથી દૂર રહેવાનું એલાન કરીએ છીએ (જેઓ એમ માનતા હોય) કે અમે તેની (અલ્લાહની) હુકુમતમાં તેના શરીક છીએ’’ (પાનાઃ ૨૬૪-૨૬૬)

**સવાલઃ૨૧ શલમગાની, શરીઇ, નુમેરી અને અબુલ ખત્તાબ જેવા લોકો વિષે શું મત છે, જેમણે આપની નયાબતનો ખોટો દાવો કર્યો હતો?**

જવાબઃ૨૧ ‘‘અમે એ તમામ લોકોથી બેઝાર છીએ અને અલીપ્ત અને દૂર રહેવાનું એલાન કરીએ છીએ. તે લોકોથી પણ દૂર રહેવાનું એલાન કરીએ છીએ કે જેઓ તેઓનું અનુસરણ કરે છે. અમે તે લોકો ઉપર લાઅનત મોકલીએ છીએ’’ (પાનાઃ ૨૮૨)

**સવાલઃ૨૨ આપના ઝુહુર થવા પહેલા દુનિયા અને મુસલમાનોની શું હાલત હશે?**

જવાબઃ૨૨ ‘‘ઝુહુરની પહેલા લોકોના દિલ સખ્ત થઇ જશે અને દુનિયા ઝુલ્મ અને અત્યાચારથી ભરાઇ જશે’’ (પાનાઃ ૨૮૪)

**સવાલઃ૨૩ શું આ ગયબતે કુબરામાં આપે કોઇની પોતાના ખાસ નાએબ તરીકે નિમણુંક કરી છે?**

જવાબઃ૨૩ સુફીયાનીના બહાર નીકળવા અને આસમાની અવાજ પહેલા જો મુશાહેદાહનો દાવો કરે તો તે જુઠ્ઠો અને આક્ષેપ કરનાર છે. (ગયબતે કુબરામાં કોઇ ખાસ નાએબ નથી)’’ (પાનાઃ ૨૮૪)

**સવાલઃ૨૪ તે સાદાત જે આપની વિલાયતનો ઇન્કાર કરે છે તેઓની નજાત (મુક્તિ) કઇ રીતે થશે?**

જવાબઃ૨૪ ‘‘ખુદાવંદે આલમ પાસે કોઇનું સગપણ નથી. જે ઇન્કાર કરશે તે અમારામાંથી નથી. તે એવી રીતે છે જેવી રીતે જનાબે નૂહ(અ.સ.)નો ફરઝંદ’’ (પાનાઃ ૨૮૬)

**સવાલઃ૨૫ શું આપના ઝુહુરનો સમય નક્કી છે અને કોઇને તેની ખબર છે?**

જવાબઃ૨૫ ‘‘ઝુહુર ખુદાના હાથમાં છે. સમય નક્કી કરનાર જુઠ્ઠા છે’’ (પાનાઃ ૨૮૮)

**સવાલઃ૨૬ ગયબતે કુબરાના સમયમાં જ્યારે આપના કોઇ ખાસ નાએબ નથી તો અમે અમારા દીની સવાલો કોને પુછીએ?**

જવાબઃ૨૬ ‘‘અમારી હદીસોના રાવીઓ તરફ રજૂ થાઓ. અમે તે લોકોને તમારી ઉપર હુજ્જત નક્કી કર્યા છે’’ (પાનાઃ ૨૮૮)

**સવાલઃ૨૭ આપની ગયબતની હિકમત શું છે?**

જવાબઃ૨૭ ખુદાવંદે આલમનો ઇર્શાદ છેઃ ઘણી બાબતો અંગે સવાલ ન કરો. જો બયાન કરી દેવામાં આવશે તો તમને ખરાબ લાગશે’’ (સુરે માએદાહ, આયતઃ૧૦૧) (પાનાઃ ૨૯૦)

**સવાલઃ૨૮ આપની ગયબત કયારે પુરી થશે અને કયારે આપનો ઝુહુર થશે?**

જવાબઃ૨૮ ''એવી બાબતો ન પુછો જેનાથી તમને કોઇ ફાયદો ન થાય. જે તમારી જવાબદારી નથી તેના બારામાં સવાલ ન કર્યા કરો''

**સવાલઃ૨૯ શું ખુમ્સ અદા કરવું જરૂરી છે? શું તેને અદા કરવાની કોઇ રીત છે?**

જવાબઃ૨૯ ''તમારો માલ માત્ર એટલા માટે કબુલ કરીએ છીએ કે તમે પાક થઇ જાવ. ખુદાવંદે અમને જે આપ્યુ છે તે તેનાથી વધુ સારૂ છે, જે ખુદાએ તમને આપ્યું છે'' (પાનાઃ ૨૮૬)

**સવાલઃ૩૦ શું આપની ગયબતમાં લોકો આપના અસ્તિત્વથી લાભ ઉઠાવી શકશે?**

જવાબઃ૩૦ ''લોકો મારી ગયબતમાં મારી પાસેથી એવી જ રીતે લાભ મેળવી શકે છે જેવી રીતે વાદળમાં છુપાએલા સૂરજનો લાભ ઉઠાવે છે'' (પાનાઃ ૨૯૦)

**સવાલઃ૩૧ ખુદાના માર્ગદર્શકોના કયા ગુણો છે અને કેવું સ્થાન ધરાવે છે?**

જવાબઃ૩૧ ''ખુદાએ તે લોકોને ગુનાહોથી મઅસુમ બનાવ્યા છે, દરેક ક્ષતિથી પાક અને દરેક હલ્કી બાબતથી પવિત્ર રાખ્યા છે. તેઓને પોતાના ઇલ્મના ખઝાનેદાર અને પોતાની હીકમતના અમાનતદાર બનાવ્યા છે, છુપી વાતો અને ભેદોનું કેન્દ્ર બનાવ્યા છે. દલીલો દ્વારા તેઓની મદદ કરી છે. જો એમ ન હોત તો દરેક વ્યક્તિ દાવો કરી દેતે અને હક્ક અને બાતીલ ઓળખી ન શકાતે અને ઇલ્મ જહલથી જુદા ન થતે'' (પાનાઃ ૨૯૬)

**સવાલઃ૩૨ અમ્બીયા અને અઇમ્મા(અ.મુ.સ.)ને મોકલવાનો શું હેતુ છે શું હિકમત છે?**

જવાબઃ૩૨ ''ખુદાએ અમ્બીયા અને અઇમ્મા (અ.મુ.સ.)ને એટલા માટે મોકલ્યા કે તેઓ લોકોને બંદગી અને તાબેદારી કરવાનો હુકમ આપે. ખુદાની નાફરમાની કરવાની મના કરે. ખુદા અને ખુદાના દીન બારામાં લોકો જે બાબતોથી અજ્ઞાત છે તેનાથી તેઓને માહિતગાર કરે'' (પાનાઃ ૨૯૪)

**સવાલઃ૩૩ જે લોકો ઇમામતનો ખોટો દાવો કરે છે તેઓની પરીક્ષા કેવી રીતે લેવાય અને તેમને બદનામ કેવી રીતે કરાય?**

જવાબઃ૩૩ ''તેઓને કુરઆન અને દીનના હુકમો વિશે પુછો, નમાઝના હુદુદ અને તેના નિયમો પુછો. તમને ખુદ તેની હકીકતની જાણ થઇ જશે'' (પાનાઃ ૨૯૮)

સવાલઃ૩૪ શું દુનિયા ક્યારેય હુજ્જતે ખુદાથી ખાલી હોય શકે?

જવાબઃ૩૪ ''દુનિયા ક્યારેય હુજ્જત ખુદાથી ખાલી નથી રહી શકતી. પછી તે જાહેર અને દેખીતા હોય કે ખાનગી અને છુપાએલા હોય'' (પાનાઃ ૩૧૪)

**સવાલઃ૩૫ હઝરત ઇમામ હસન અસ્કરી(અ.સ.) પછી ઇમામ કોણ છે?**

જવાબઃ૩૫ ''હઝરત ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ તેમને પોતાને (ઇમામે ઝમાના અ.સ.ને) વલી અને વારસદાર બનાવ્યા છે જેને ખુદાએ પોતાના હુકમથી પરદામાં રાખ્યા છે, એ જ તમારા ઇમામ છે'' (પાનાઃ ૩૧૪)

**સવાલઃ૩૬ શું અઈમ્મા(અ.મુ.સ.) સર્જનહાર અને રોઝી આપનાર છે?**

જવાબઃ૩૬ "અઈમ્મએ માસુમીન(અ.મુ.સ.) ખુદા પાસે દુઆ કરે છે. તે તેઓની દુઆથી સર્જન કરે છે અને રોઝી આપે છે. ખુદાવંદે આલમ તેઓના હક્ક અને મોભ્ભો બુલંદ કરવા ખાતર તેઓની દુઆ કબુલ કરે છે" (પાનાઃ ૩૨૮-૩૩૦)

**સવાલઃ૩૭ માનવી કેટલા સમય સુધી પોતાના માટે પુત્રની દુઆ કરી શકે છે?**

જવાબઃ૩૭ "ગર્ભ ધારણ થવાના ચોથા મહીના સુધી દોઆ કરે" (પાનાઃ ૩૮૬-૫૯૮)

**સવાલઃ૩૮ શું જાહેર મજલીસોમાં અને મહેફીલોમાં આપનું નામ લઈ શકાય?**

જવાબઃ૩૮ "જો તેઓને અમારૂ નામ બતાવશો તો તેઓ ફેલાવી દેશે, અમારૂ સ્થળ બતાવશો તો ત્યાં સુધી પહોંચી જશે" (પાનાઃ ૪૪૦) મજમામાં જે મારૂં નામ લે, તેના પર લાઅનત છે. (પાનાઃ ૪૪૨) (હઝરત, હુજ્જત, વલી અસ્ર, બકીય્યત..., ઈમામે ઝમાના, મહદી... આ બધા હઝરતના ઉપનામો (લકબો) છે, નામો નથી)

**સવાલઃ૩૯ હદીસકારો અને હદીસના રાવીઓનું સ્થાન અને મહત્વ શું છે?**

જવાબઃ૩૯ "શું તમે ખુદાનું આ કથન નથી વાંચ્યું? "અમે તેઓની વચ્ચે અને તે વસ્તીઓની વચ્ચે, જેમાં અમે બરકત ઉતારી હતી, જાહેર વસ્તીઓ રાખી છે" (સુરે બરાઅત, આયતઃ ૧૭) ખુદાની કસમ અમે એ વસ્તી છીએ જેને ખુદાએ બરકતવાળી ગણી છે અને તમે જાહેર વસ્તીઓ છો" (પાનાઃ ૪૪૪)

**સવાલઃ૪૦ ખુદાવંદે આલમ કોને હિદાયત આપે છે?**

જવાબઃ૪૦ "જે હિદાયત ચાહે છે, ખુદા તેને હિદાયત અતા કરે છે. જે માંગે છે તેને મળી જાય છે" (પાનાઃ ૫૪૪)

**સવાલઃ૪૧ શું આપની શોધખોળ કરવી યોગ્ય છે?**

જવાબઃ૪૧ "જે મને શોધવાની વધુ દોડધામ અને કોશિશ કરશે, તે દુશ્મનોને મારા તરફનું માર્ગદર્શન કરશે. જે દુશ્મનોને મારા તરફ માર્ગદર્શન કરશે તેણે મારી ઝીંદગીને ખતરામાં નાખી અને જે મારી ઝીંદગીને ખતરામાં નાખશે તે મુશ્રીક છે" (પાનાઃ ૫૪૮)

**સવાલઃ૪૨ લોકો સબંધી આલીમોની શું જવાબદારીઓ છે?**

જવાબઃ૪૨ "તે લોકો સાથે નમ્રતાથી વર્તન કરે, પોતાની બેઠક ઘરના ઉંબરે રાખે (જેથી લોકો તેમને આસાનીથી મળી શકે) અને લોકોની જરૂરીયાત પુરી કરે. અમે મદદ કરીશું" (પાનાઃ ૫૬૪)

**સવાલઃ૪૩ શું સગાઓની જરૂરીયાતોને બીજાની જરૂરીયાત ઉપર અગ્રતા આપી શકાય?**

જવાબઃ૪૩ "હઝરત ઈમામ મુસા બિન જાઅફર (અ.સ.)એ ફરમાવ્યુંઃ જો સગા મોહતાજ હોય તો ખુદા સદકો સ્વિકારતો નથી" (પાનાઃ ૨૫૨)

**સવાલઃ૪૪ જો બીજાને આપવાની નિય્યત કરી લીધી હોય તો શું કરવું?**

જવાબઃ૪૪ "માલને બન્નેમાં વહેંચી દો. જેથી પુરી ફઝીલત મળી જાય" (પાનાઃ ૨૫૨)

એ પવિત્ર અને સંપૂર્ણ બરકતવાળા દિવસની પ્રતિક્ષામાં કે જ્યારે હઝરત અલયહિસ્સલામની સાથે સીધી વાત-ચીત કરી શકીએ અને હઝરત અલયહિસ્સલામના ખુબસુરત નૂરની ઝિયારતથી દિલ અને દ્રષ્ટિને પ્રકાશિત કરી શકીએ. ઈન્શાઅલ્લાહ...

---ooo---

# મુન્તઝીર હૈ આપ કે કબસે ગુલામાને હુસૈન

(શાયરે એહલેબૈત જનાબ રઝા સીરસવી, ખાસ અલ મુન્તઝરના માટે)

ફીર અઝદારો પે મૌલા ઝુલ્મકી ચલગાર હૈ
ગરદનો પે એહલે ઈમાંકી છુરીકી ધાર હૈ
અબ શરીફોકો યહાં જીના બહોત દુશ્વાર હૈ
આપ આ જાએ મેરે મૌલા તો બેડા પાર હૈ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

એહલે હકકી આજ દુનિયામે કોઈ ઈઝ્ઝત નહીં
દિલમે અબ બચ્ચોકે ભી માઁ-બાપ કી અઝમત નહીં
ખુને નાહક કી મેરે મૌલા કોઈ કિંમત નહીં
અબ નમાઝોકો અદા કરનેકી ભી ફુરસત નહીં

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

ઈઝ્ઝતે મેહરાબો મીમ્બર આજ ફીર ખતરેમે હૈ
બેટીયોંકે સરકી ચાદર આજ ફીર ખતરેમે હૈ
મકસદે સિબ્તે પયમ્બર આજ ફીર ખતરેમે હૈ
હુરમતે અલ્લાહો અકબર આજ ફીર ખતરેમે હૈ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

હો રહા હૈ ખત્મ અય મૌલા મરાજેઅકા વકાર
ગીબતોને કર દીયા હર એક દામન દાગદાર
હૈ ગિરેબાં આલિમોકે ચાક, દામન તાર તાર
રો રહી હૈ આજ ફીર અપને ગુલાબોકો બહાર

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

કુછ ભી કેહ દેતા હૈ કોઈ ભી મરાજેઅ કે ખિલાફ
બઢ રહા હૈ જાને કયોં મવલાઈયોમે ઈખ્તેલાફ
ચઢ રહે હૈ જાને કયોં ચેહરો પે નફરત કે ગિલાફ
નફરતોકે બાલ હૈ સીનોમે ઔર ચેહરે હૈ સાફ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

આપ હૈ પર્દેમે મૌલા બેટીયા હૈ બેરીદા
છીન લી હૈ મગરીબી તેહઝીબને શર્મો હયા
નરગએ ઝુલ્મો સિતમમે ઘિર ગયે એહલે અઝા
દે રહી હૈ આપકો આવાઝ મૌલા કરબલા

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

હૈ યઝીદોકી યહી કોશિશ કે યે માતમ ન હો
ઝીંદગી કૌમોકો જો દેતા હૈ ઉસ્કા ગમ ન હો
આંખ કોઇ સીબ્તે પયગમ્બરકે ગમમે નમ ન હો
હાથમે જંડા તો હો અબ્બાસકા પરચમ ન હો

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

ખુનમે ડુબે હુવે હૈ આજ બેહરૈનો નજફ
હૈ નિગાહે બદ હર એક ઝાલિમકી ઈરાનકી તરફ
આપકો સદીયોસે આંખે ઢૂંઢતી હૈ સફ બે સફ
અય દિલે દુર્રે નજફ અય રૂકને ઈમાંકે સદફ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

હો રહી હૈ આદમીય્યત ફીર દરિન્દોકા શિકાર
ગમ કે મારોકી કોઇ સુનતા નહી ચીખો પુકાર
પોંછ દો ચેહરોસે બેવાઓ યતીમોકે ગુબાર
અબ નહી કોઇ ઈલાજે ગમ સિવાયે ઝુલ્ફીકાર

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

કીજીયે આઝાદ મૌલા ઝુલ્મકી ઝંજીરસે
ગુંજ ઉઠે સારા ઝમાના નારાએ તકબીરસે
ઈઝ્ઝતે પાયે તબર્ઈકમે ગમે શબ્બીરસે
જુરઅતે પાયે મુસલમાન ભીકમે બેશીરસે

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

હાલે દિલ કીસસે કહે મૌલા સિવાએ આપકે
ચારાહગીર કોઇ નહી અપના સિવાએ આપકે
કુછ નહી હૈ અપના સરમાયા સિવાએ આપકે
હમને રબસે કુછ નહી માંગા સિવાએ આપકે

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

વાસ્તા અલ્લાહ તુજકો ઈઝ્ઝતે સાદાતકા
ભેજ અબ ઉસ્કો જીસે પરદેમે હૈ તુને રખા
દે શફા ઝેહનોકો અબ ઝચ્નુલ અબાકા વાસ્તા
આમ કર સારે ઝમાનેમે ગમે કરબોબલા

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

સારે ગમ મૌલા અરીઝેમે કહા લિખતે હૈ હમ
અપની મઝલુમીકા કિસ્સા ક્યા કરે મૌલા રકમ
સાંસ લેનેહી નહી દેતે હમે એહલે સિતમ
આપકી ગૈબતમે બસ અપના સહારા હૈ અલમ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

આપ કો મૌલા રીદાએ ફાતેમા કા વાસ્તા
કીજીયે હર દુશ્મને કરબોબલાકા ખાતમા
જીસ તરફ દેખે નઝર આયે અલમ અબ્બાસકા
મજલીસો માતમ હો હર ઘરમે બિછે ફર્શે અઝા

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

ખા ગઈ કીસકી નઝર ઈસ ભોલી ભાલી કૌમકો
ઈખ્તેલાફી રાસ્તા છોડો અઝાખાને ચલો
સબ હુસૈની એક હૈ હર મોડસે આવાઝ દો
શૌક સે ફીર યે ઈમામે અસ્રસે મીલકર કહો

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

ખુનકે આંસુ બહાતા હૈ ઝમાનેકા ઈમામ
યાદ આતા હૈ કભી કુફા કભી દરબારે શામ
અપને મૌલાકો સુકુન આયે કરે હમ ઐસા કામ
દેખકર હમકો કહે સબ યે હૈ હૈદરકે ગુલામ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

ગુંજ ઉઠે સારે ઝમાનેમે સદાએ ઈન્કેલાબ
સદકએ ઝયનબમે હો બેહનો કે ચેહરો પર નકાબ
મીમ્બર ઔર મેહરાબ પે મૌલા પલટ આયે શબાબ
જીત્ને દેહશતગર્દ હૈ ઉન સબકા હો ખાના ખરાબ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

હર તરફ આયે નઝર ઈલ્મો અમલકા આફતાબ
રોશની ફૈલાએ દુનિયામે હુસૈની માહતાબ
સબ લીખે ઔર સબ પઢે મીલકર મોહબ્બતકી કિતાબ
અપને ચેહરેસે ઉલટ દે આપ અબ મૌલા નકાબ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

ક્યા સુનાએ હાલ મૌલા આપકો હૈ સબ ખબર
હો ગયે બેહરૈનમે બરબાદ મઝલુમોકે ઘર
સીરીયામે આયે ઈસ્રાઇલસે કુછ એહલે શર
હૈ અઝાદારોપે મૌલા કુછ યઝીદોકી નઝર

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

અય 'રઝા' જબ તક ભી તેરી ઉંગલીયોમે હૈ કલમ
ખિદમતે મૌલામે હર દિન યે અરીઝા કર રકમ
મકસદે સરવરસે હટને પાયે ન પીછે કદમ
જબ ગમે શબ્બીર દિલમે હૈ તો ફિર કાહે કા ગમ

અય મેરે મૌલા સુકુને અસ્કરી નરજીસ કે ચૈન
મુન્તઝીર હૈ આપકે કબસે ગુલામાને હુસૈન

---ooo---

**અનુસંધાન પાના નં. ૧ થી શરૂ ...**

નાંખવામાં આવ્યા છે અને અંતમાં આમ કહીને મોઅમેનીન, સાલેહીન અને નેક કામો કરનારાઓને યકીન અપાવ્યુ કે બકીય્યતુલ્લાહે ખયરૂલ લકુમ ઇન કુનતુમ મોઅમેનીન...

બસ, જે રીતે હઝરતે ઇસ્માઇલ(અ.સ.)ને ઝબ્હ થવાથી બચાવીને ઝિબ્હે અઝીમ(મહાન કુરબાની) એટલે કે કરબલાના બનાવ અને શહાદતો દરમ્યાન એક લાંબી મુદ્દત અને સમયગાળો છે, તેવી જ રીતે આશુરાએ હુસૈની અને કરબલાના શહીદોનો બદલો લેનારના ઝુહૂરમાં એક અજાણ મુદ્દતનો સમયગાળો છે, એટલે કે અગર 'ઝિબ્હે અઝીમ' પર 'નફસે મુતમઇન્ના'ની મહોર અલ્લાહે કે જેની કુદરત દરેક વસ્તુ પર છવાયલી છે, તેણે લગાવી દીધી છે. અને તે સોનેરી મહોર એ રીતે ચમકી રહી છે કે તેનાથી આશા અને ઇન્તેઝારના ચિરાગ હંમેશા જગમગતા રહેશે. તો ઝુહૂર નઝદિક હોય કે દૂર પરંતુ જરૂર થઇને રહેશે કે જેની ખુશ-ખબરી ખુદાવંદે મુતઆલે વારંવાર આપી છે. આ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાનો વાયદો છે, આ ફૈસલો કુર્આને કરીમની આયતોમાં મહફુઝ છે. તે કાદિરે મુત્લક છે, જેની કુદરત દરેક ચીજ ઉપર છવાયેલી છે. તેની મશીય્યતના કારણો બયાન થઇ ચુક્યા છે. હુઝૂરે સરવરે કાએનાત(સ.અ.વ.)એ જગ્યાએ જગ્યાએ ચેતવી દિધા છે, દરેક રીતે હુજ્જત તમામ કરી દીધી છે, તમામ નિશાનીઓ વર્ણવી દેવામાં આવી છે.

ઝુહૂરે પુર નૂરે ઇમામે વક્ત(અ.સ.) નઝદિક થઇ રહ્યુ છે, નિશાનીઓ જાહેર થઇ રહી છે, પરંતુ તેમનું રહેઠાણ ક્યાંક નઝદિકના ભવિષ્યમાં સજાવવામાં આવી રહ્યુ છે. તે નઝદીકના સમયની દરેક પળ જ્યારે વર્તમાનમાંથી પસાર થઇ ભવિષ્યમાં સરી જાય છે તો પોતાની પાછળ પોતાની નિશાનીઓ, જીવિત નિશાનીઓ, રૂહ પરવર નિશાની દિલના સુકૂનની સબીલની નિશાનીઓ છોડી જાય છે, જે અવાજ આપી રહ્યુ છે, તૈયાર રહો, હજારો તાગુતી ચાલો ચારે તરફ ફેલાયેલ છે. અગર ઝુહુરનો સમય જે કરીબ છે. અગર તેને વધારે કરીબ કરવો છે તો ઇસ્તેગાસા અને ફરિયાદનો સહારો લેવો પડશે. ફરિયાદમાં અસર પૈદા કરવા માટે ગુનાહોથી દુરી અને પરહેઝગારીથી નઝદીકી સિવાય અન્ય કોઇ ચારો નથી. જરૂરી છે કે ઇસ્તેગાસામાં અસર પૈદા કરવા માટે તેની રૂહાનીયત, તેની અસલીયત, તેની તિવ્રતાના માટે કોઇ એવા ઉંચા અવાજવાળા ઇસ્તેગાસાની તરફ દિલમાં લગાવ અને દર્દ પૈદા કરવું જોઇએ કે જેના જવાબમાં આસમાનવાસીઓ અને તમામ મલાએકા તડપી જાય. આશુરાના દિવસે ઇમામ હુસૈન(અ.સ.)એ પોતાના મુબારક હોઠોથી રૂખ્સતના સમયે ઇસ્તેગાસા બલંદ કરી હતી, ત્યારથી લઇને આજ સુધી અને આજથી લઇ ઝુહુરની સવાર સુધી પુરી દુનિયામાં આ ઇસ્તેગાસાની ગુંજ (અવાજ) મૌજુદ છે. રાવી અકબાએ ઇમામે માસુમ હઝરત ઇમામ મોહમ્મદે બાકિર(અ.સ.)ને પુછ્યુંઃ મારા માઁ-બાપ આપના પર કુરબાન! આશુરાના દિવસે જો અમે ઇમામ હુસૈન(અ.સ.)ની કબ્રે મુબારકથી દુર હોઇએ તો કેવી રીતે આજુ બાજુના મોઅમીનોને મળીએ અને તેઓને પોતાના ઇમામે મઝલુમ(અ.સ.)ની તઅઝીયત કેવી રીતે પેશ કરીએ? અને તેનો શું સવાબ અને બદલો છે? તેમજ તેની રીત શું હોવી જોઇએ? આપ(અ.સ.)એ ફરમાવ્યુંઃ તેનો સવાબ એક હજાર ઉમરા, એક હજાર હજ, એક હજાર જેહાદ જે તેણે મારી સાથે કરી હોય અને હું તેનો ઝામીન છું કે અને તેની રીત એ બતાવી કે તેઓ એક-બીજા મોઅમીનને કહે ''અઅ્ઝમલ્લાહો ઓજુરના બે મોસાબેનલ્ હુસૈન(અ.સ.) વ જઅલના વ ઇય્યાકુમ મેનત્ તાલેબીન બે સારેહી મઅ વલીય્યેહી અલ ઇમામીલ મહદી મિન આલે મોહમ્મદીન અલયહેમુસ્સલામ'' ''ખુદા મુસીબતે ઇમામ હુસૈન(અ.સ.)માં આપણી જઝામાં વધારો કરે અને મને તેમજ આપને પણ તે લોકોમાં શુમાર કરે જે તેમના વલી ઇમામ મહદી(અ.સ.)ની સાથે તેમના ખુને નાહકનો બદલો લેવાવાળા છે.

અઝાએ હુસૈનીમાં પોતાના તન, મન અને ધનની બાજી લગાડી દેનાર મુસાફરોનો એક મોટો કાફલો પોતાની મુઠ્ઠીઓમાં હાલતથી નીકળી રહેલ આગના અંગારા માટે ઉમ્મીદની રોશનીમાં પોતાના આકા અને મૌલાના ખૈમાગાહની તરફ વધી રહ્યો છે. આ મીલ્લતે ઇસ્લામીયાના તે ખુદાના બંદા છે, જેઓ ઝાહેરી રીતે કમઝોર કરી દેવામાં આવ્યા છે, પરંતુ તેઓએ સબ્ર અને અડગતાના મજબુત દિલ પહેરી રાખ્યા છે. આ તે દિલ છે જેના દિલની હર ધડકનથી સદા આવી રહી છે કે ઇમામે વક્તના ઝુહુરનો સમય આવી ગયો છે અને અગર ઝીંદગીએ વફા ન કરી તો પોતાના વારિસોથી તે જ રાહ પર સાબીત કદમીના માટે વસિય્યત કરી જાય છે.

અય મુશ્કીલોને હલ કરનાર પરવરદિગાર તને વાસ્તો કરબલાના નાના એવા મુજાહીદ અલી અસગર(અ.સ.)ના ખુને નાહકનો તું અમારા આકા અને મૌલા ઇમામે અસ્ર(અ.સ.)ના પુરનૂર ઝુહુરમાં જલ્દી ફરમાવ.

---ooo---